

પાટણનું ગૌરવ
કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય
અને કુમારપાળ મહારાજા

# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૯ • અંક ૧૦ • સળંગ અંક ૧૦૫ • મુંબઈ • ઓગસ્ટ ૨૦૧૫ • પાના ૨૮

• છૂટક નકલ રૂા. ૨/- • RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

**શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર**

ટેલિફોન : 2281 1346 • 22811218 • Mobile: 9167902267 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

પાટણ પ્રતિબિંબની ૩૭મી વર્ષગાંઠ નિમિત્તે સૌ વાંચકોને મારા અભિનંદન. છેલ્લા થોડા સમયથી પ્રતિબિંબને રસદાયક અને માહિતી સભર બનાવવા સૌએ અથાગ પ્રયત્ન કર્યા છે. પરિવારના દરેક સભ્યને પ્રતિબિંબમાં રસ પડે તે માટે અમે સૌ પ્રયત્નશીલ છીએ. શ્રી પાટણ જૈન મંડળ અને પાટણ સમાજ અંગે વધુ ને વધુ માહિતી આપીને સમાજના સર્વાંગી વિકાસ માટે હંમેશા પ્રતિબિંબની આગવી ભૂમિકા રહેશે.

અમે પ્રતિબિંબની ગુણવત્તામાં પણ ઘણા સુધારા કર્યા છે. એ ઉપરાંત ફોટોગ્રાફ વિગેરે આપીને માહિતીને વધુ અસરકારક બનાવીએ છીએ. પ્રતિબિંબમાં કેટલાક લેખ અંગ્રેજી ભાષામાં આપીએ છીએ જેથી પાટણની નવી પેઢીને પણ પાટણ જૈન મંડળની પ્રવૃત્તિઓની જાણ થાય.

આપ સૌ જાણો છો તેમ છેલ્લા પ્રતિબિંબમાં આપણે Digital Patan અંગે શરૂઆત કરી છે. આપણે **ત્રણ E-directories** બનાવવાનું નક્કી કર્યું છે. આપ થોડો સમય કાઢીને E-directoriesના ફોર્મ ભરીને E-mail થી પણ મોકલાવી શકશો.

સમાજ ઉત્કર્ષ સમિતિએ **P for P** ના કાર્યક્રમ હેઠળ એક પટણી બીજા પટણીને એના કામકાજમાં મદદરૂપ થાય તે હેતુથી નવા કાર્યક્રમની શરૂઆત કરી છે. આપણે સમાજના એક વર્ગ પાસેથી જરૂરી સામાન ખરીદીને કે એમની સેવા લઈને મદદરૂપ થઈ શકીએ છીએ. **સમાજ ઉત્કર્ષ સમિતિના યુવા કાર્યકર્તાઓ જે પ્રમાણે સમાજના પરિવારોને સ્વાવલંબી બનાવવા પ્રયત્ન કરી રહ્યા છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે.** સમાજના કેટલાક પરિવારો ઉત્કર્ષ સમિતિના સભ્યોના માર્ગદર્શન સાથે કામ કરી રહ્યા છે. સમાજના સ્વાવલંબી

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું બીજું)

## *From President's Desk...*

On the **37th Anniversary of Patan Pratibimb,** our 150-Team Members and I would like to **promise all the readers of all ages to make Patan Pratibimb a joy to read and provide vital and useful information** about the Mandal and the Samaj.

Shree Patan Jain Mandal wishes to play a proactive role in the development and upliftment of the Patan Samaj by being connected with the Samaj, understanding its problems and by providing solutions that would help with its overall growth.

In our last month's Pratibimb, we have initiated making of **3 E-directories under** the Digital Patan Program. Respective members are requested to spare a few minutes and send these Forms by mail or e-mail to patanmandal@gmail.com

The last Pratibimb also saw starting of **P for P program, namely Patanis for Patanis** which will be a direct help to the Patanis so that they can increase the reach for their goods and services. All Samaj members are requested to promote this concept actively. PJM is the Catalyst which will connect and help their business to grow. My compliments to the Social Upliftment Committee for speedy action.

So far, the Samaj has greeted the new look of Pratibimb and various PJM Activities with great zeal. We thank all Patanis and all Committee Members who have worked hard for success of each project. As Mukh Patra of Mandal, we hope that Patanis will be eager

(Cont'd on Pg 2)

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

થવા જે પણ પરિવારોને મદદની જરૂર હોય તેઓ સમાજ ઉત્કર્ષ સમિતિનો સંપર્ક કરે.

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આજથી ૩૭ વર્ષ અગાઉ **શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરીના** પ્રમુખપદે તથા **શ્રી જે.કે.શાહના** ઉપપ્રમુખપદે સમાજ લક્ષી વિવિધ કાર્યક્રમોનો પ્રારંભ કરેલ જેમાં **પાટણ બેન્ક, પાટણ પ્રતિબિંબ, રતન નગર હાઉસીંગ પ્રોજેક્ટ, ૧૫મી ઑગેસ્ટ સમાજ લક્ષી વાર્તાલાપ વિગેરેનો સમાવેશ થાય છે.** તે વખતે **શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ, શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ, શ્રી ભૂપેન્દ્રભાઈ મફતલાલ, શ્રી નવીનભાઈ ગુંદરવાલા, શ્રી અરવિંદભાઈ જીવાભાઈ** વિગેરેએ આ બધી પ્રવૃત્તિઓને વિશેષ વેગ આપી યશસ્વી બનાવી હતી.

શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ દ્વારા શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાનનું ૧૬ ઓગસ્ટના દિને આયોજન કરવામાં આવેલ, જેમાં **ડૉ. જીતેન્દ્રભાઈ શાહે** ખાસ અમદાવાદથી પધારી **કર્મવાદના રહસ્યો** પરત્વે હળવી શૈલીમાં ગહન વ્યાખ્યાન આપ્યું હતું. શ્રોતાઓએ પણ રસપૂર્વક વ્યાખ્યાનનો આનંદ લીધો હતો.

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા **શનિવાર, તા. ૧૦-૧૦-૨૦૧૫ના** દિને યશોદા રંગમંદિર, વિલેપાર્લે ખાતે દાંડિયારાસનું આયોજન કરવામાં આવેલ છે. મને જણાવતા હર્ષ થાય છે કે, **આ કાર્યક્રમ માટે સંસ્થાના ટ્રસ્ટી શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી તથા ઉપપ્રમુખ શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળા (શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા) દ્વારા સ્પોન્સરશીપ પ્રાપ્ત થયેલ છે.** આપ સૌ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લેશો.

**શ્રી પાટણ સમાજની આધ્યાત્મિક પ્રગતિ માટે તથા સમસ્ત વિશ્વમાં શાંતિ માટે નવકારમંત્રના જાપનું રવિવાર, તા. ૧૦-૧-૨૦૧૬ના દાદર ખાતે યોગી સભાગૃહમાં આયોજન કરવામાં આવેલ છે. અનેક દાતાઓએ આ કાર્યક્રમને આર્થિક સહયોગ આપવા તૈયારી દર્શાવી છે. આ કાર્યક્રમ દરમ્યાન કરોડો નવકારનો જાપ થશે. જેમાં આપ પણ જરૂરથી સહભાગી થશોજ તેવો વિશ્વાસ છે.**

આગામી પર્યુષણ પર્વની આરાધના આપ સૌ ઉત્સાહભેર કરશો તેવી શુભેચ્છા.

સમગ્ર વર્ષ દરમ્યાન આપને જાણતાં કે અજાણતાં મારાથી કે સંસ્થાના કોઈપણ કાર્યકર દ્વારા દુ:ખ પહોંચ્યું હોય તો તે બદલ અંત:કરણ પૂર્વક **મિચ્છામી દુક્કડમ્.**

❑ દિનેશ શાંતિલાલ શાહ

## FROM PRESIDENT'S DESK... (Cont. from Page 1)

to read Pratibimb every month and learn about the activities and progress made by Patan Samaj.

This issue of **Pratibimb is a special one as it marks the 37th year of the Publication**. At that time, **Shri Popatlal Bhikhachand** as President and **Shri J. K. Shah** as Vice President made tremendous impact on the long lasting programs which the Mandal undertook. **Shri Mahendrabhai Popatlal, Virendra Popatlal, Bhupendra Mafatlal, Navinbhai Gunderwala and Arvindbhai Jivabhai** were instrumental in many of these programs namely, starting of **Patan Cooperative Bank, monthly Pratibimb, Ratan Nagar Housing Project, Samaj Utkarsh Seminars etc.**

**Dr Jitendra Shah,** Director of L D Institute of Indology gave a brilliant **Vyakhyan** on the subject of **'Karmavad na Rahasyo'** at Hindi Vidya Bhavan on Sunday morning, 16th August. In view of the demand from members, we are arranging for an audio CD which can be obtained from Shri Patan Jain Mandal Office at Marine Lines.

**Dandiya Raas** has been organized on **Saturday evening 10-Oct** at Yashoda Mandir at Vile Parle. The same has been **sponsored by our Trustee Shri Rameshbhai Chhabildas Jhaveri and Smt. Bhagwatiben Vinodchandra Matliwala**. Please attend in large numbers.

**Collective Navkar Mantra Jaap by the famous Shri Jayantbhai Rahi** has been organised on **Sunday morning, 10th January 2016** at Yogi Sabhagruh, Dadar. This program will benefit the entire Samaj and we are expecting many Sponsors for the same.

Much awaited ***Paryushan Mahaparva*** is in the next month and my best wishes to everyone for their flawless ***Tapasya and Dharma Aradhana***. My colleagues and I at Shree Patan Jain Mandal deeply and sincerely regret any ill-feelings that might have been created in anyone's mind through our actions or omissions. Please sincerely accept our ***Michchhami Dukkadam.***

❑ Dinesh Shantilal Shah

# પાટણ ખાતે વિદ્યાલયમાં વાલીઓ સાથે મિટિંગ તથા કૉલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ


દિપ પ્રાગટ્ય


ઉપસ્થિત વાલીઓ



ઈનામ વિતરણ

**શ્રી પાટણ જૈન મંડળ** સંચાલિત **શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય,** પાટણ ખાતે **તારીખ ૯-૮-૨૦૧૫ના** રોજ શાળામાં એચ.એસ.સી. અને એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓની વાલી મંડળની મીટીંગ મળી હતી, જેમાં મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ અને શિસ્તને લઈ અનેક મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી, તેમજ શિક્ષણ ક્ષેત્રે ચાલુ વર્ષમાં સિદ્ધિ હાંસલ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં શ્રી પાટણ જૈન મંડળના ઉપપ્રમુખ **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાળા)** તેમજ એડમીનીસ્ટ્રેશન અને વિદ્યાલય સમિતીના માનદ મંત્રી **શ્રી રાજેન્દ્રભાઈ જે. શાહ** તેમજ સ્થાનિક કમિટિમાંથી **ડૉ. હેમેન્દ્રભાઈ** દ્વારા દાતા**શ્રી ભોગીલાલ દોલતચંદના** સ્ટેચ્યુને પુષ્પમાળા પહેરાવી તેમજ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. નવિન વરણી પામેલા મંડળના હોદ્દેદારોનું શાળા દ્વારા સન્માન કરવામાં આવ્યું. ઉપપ્રમુખશ્રી અને મંત્રીશ્રી દ્વારા અપાયેલા વક્તવ્યમાં શિક્ષણ ક્ષેત્રેની સર્વ જરૂરિયાતો પૂરી કરવા તેમજ વિદ્યાલયના સર્વાંગી વિકાસ માટે સંસ્થા સદા તત્પર રહેશે તેવી વાલીગણ અને સ્ટાફને ખાતરી આપવામાં આવી હતી.

મિટિંગ બાદ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક તથા કૉલેજના સમગ્ર સ્ટાફે મહેમાનો સાથે પ્રિતી ભોજન કરી સંસ્થા એકજ યુનિટિમાં કામ કરે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી.

**તા. ૧૦-૮-૨૦૧૫ના** રોજ માનદમંત્રીશ્રીએ વહીવટી બાબતના મુદ્દાઓને લઈ પરામર્શ કરેલ અને ત્રુટીઓ દૂર કરવા માટે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ.

ઉપરોક્ત પ્રસંગોએ શાળાના આચાર્ય **શ્રી બી.આર.દેસાઈ** તથા કૉલેજના પ્રિન્સીપાલ ડૉ. **મહેશભાઈ જાની** સહીત શાળા-કૉલેજના શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૮-૮-૨૦૧૫ના રોજ શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત **શ્રી બી.ડી.એસ. આર્ટસ, સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ પાટણ ખાતે કૉલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.** સંસ્થાના હોદ્દેદારો, પ્રિન્સીપાલશ્રી, પ્રોફેસર તથા વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરાયા હતા. વટવૃક્ષની જેમ આ શિક્ષણ સંકુલ પણ ખૂબ ફુલેફાલે એવી શુભકામનાઓ ઉપસ્થિત હોદ્દેદારોએ આપી હતી.

❑ **વિદ્યાલય સમિતિ**

## પાટણ પ્રતિબિંબના ૩૭માં વર્ષમાં પદાર્પણ...

૧૫ ઓગસ્ટ ૧૯૭૯ના સપરમાં દિવસે પ્રતિબિંબના પ્રથમ અંકનું મંગલાચરણ થયેલ હતું, જેને આજે ૩૬ વર્ષ જેટલો દીર્ઘકાળ પસાર થયેલ છે. નાનકડા બીજથી પ્રારંભાયેલ અંક આજે સંસ્થાની સમગ્ર પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ પાડતું વટવૃક્ષનું સ્વરૂપ ધારણ કરેલ છે.

હવે **''પાટણ પ્રતિબિંબ''**ના નવા નામે આપને પ્રતિમાસ ૨૫મી તારીખે એકીસાથે ભારતભરમાં પોસ્ટ થતા મુખપત્રનું સમાજના સૌ પરિવારજનો કાગના ડોળે રાહ જોઈ રહે છે.

પાટણ પ્રતિબિંબના ૩૭માં જન્મદિને અઢળક શુભેચ્છાઓ આપતા આપ સર્વેને જણાવતા હર્ષ અનુભવીએ છીએ. પાટણ પ્રતિબિંબમાં સંસ્થાની દરેક પ્રવૃત્તિઓની સાથોસાથ સમાજમાં પણ થયેલ વ્યક્તિગત, સંસ્થાકીય પ્રવૃત્તિઓની ટૂંકમાં કે સવિસ્તાર માહિતીઓ પ્રગટ કરવામાં આવે છે.

આજના આ શુભ પ્રસંગે અગાઉના વર્ષોમાં પ્રતિબિંબની સંપાદક સમિતિમાં રહી તેના સર્વાંગી વિકાસમાં મહત્તમ ફાળો આપનાર સર્વે સભ્યોને તેમના કાર્ય બદલ બિરદાવીએ છીએ.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

# કર્મવાદના રહસ્યો ઉપર ડૉ. જીતેન્દ્રભાઈ શાહનું પ્રવચન



ડૉ. જીતેન્દ્રભાઈ શાહ



ઉપસ્થિત શ્રોતાજનો



ડૉ. જીતેન્દ્રભાઈ શાહનું અભિવાદન કરતા પ્રમુખ તથા ઉપપ્રમુખ

શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ દ્વારા રવિવાર, **તા. ૧૬-૮-૨૦૧૫ના** દિને હિન્દી વિદ્યાભવન હૉલ, મરીન ડ્રાઈવ ખાતે **શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી** સ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ, જેમાં લગભગ ૨૫૦ ભાઈ - બહેનો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળતા અપાવેલ.

પ્રારંભમાં પાટણના **શ્રીમતિ સેજલબેન શાહ** દ્વારા મધુરકંઠે ભક્તિગીતોની રજૂઆત કરી, પધારેલ સર્વે સદસ્યોએ સંગીતનો રસાસ્વાદ માણેલ. જેમાં મંડળના ઉપપ્રમુખ શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ દ્વારા પણ એક ભક્તિગીતની રજૂઆત કરવામાં આવેલ.

ગીત-સંગીતની રજૂઆત બાદ મંડળના પ્રમુખ **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ** દ્વારા અત્રે પધારેલ સૌ માનવંતા મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવેલ તેમ જ સદ્ગત **શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરીએ** સંસ્થાના ટ્રસ્ટીપદે ૩૧ વર્ષ પર્યન્ત તથા પ્રમુખપદે ૧૧ વર્ષ સુધી રહી, સંસ્થા અને સમાજને આપેલ અણમોલ યોગદાનની નોંધ લઈ બિરદાવવામાં આવેલ.

**શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ** દ્વારા આજના અતિથિવિશેષ અને વક્તા **ડૉ. જીતેન્દ્રભાઈ શાહનો** ટૂંકમાં પરિચય આપવામાં આવેલ.

**ડૉ. જીતેન્દ્રભાઈ શાહને** પ્રમુખ **શ્રી દિનેશભાઈ દ્વારા** સંસ્થાનો સ્મૃતિચંદ્રક તથા ઉપપ્રમુખ **શ્રી વિરેન્દ્રભાઈ પી. શાહ** દ્વારા શાલ અને પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ. સાથોસાથ **શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ** દ્વારા પુષ્પગુચ્છ એનાયત કરી **શ્રીમતી સેજલબેનનું** અભિવાદન કરવામાં આવેલ.

**શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ** દ્વારા કાર્યક્રમનું સંચાલન તેમજ અંતમાં આભાર ભાવ વ્યક્ત કરવામાં આવેલ.

**આ પ્રસંગે વ્યાખ્યાનની Audio CD તૈયાર કરવામાં આવેલ છે જે સંસ્થાના મુખ્ય કાર્યાલયમાંથી આપ મેળવી શકો છો.**

**કર્મવાદના રહસ્યો - આ વિષય ઘણોજ ગહન છે, જે દરેક જૈનોએ જીવનની સફળતા માટે સમજવો ખૂબજ જરૂરી છે, તેથી જ અહીં વિસ્તારપૂર્વક પ્રગટ કરવામાં આવેલ છે. આપણે પણ કર્મવાદના રહસ્યો સમજી, આપણા જીવનમાં ઉતારી પુણ્ય ઉપાર્જન કરીએ. દરેક પટ્ટણી સુખ-ચેનથી ધર્મમય જીવન વ્યતિત કરી શાતા અને શાંતિ મેળવે.**

ડૉ. જીતેન્દ્રભાઈએ પોતાના વક્તવ્યની શરૂઆત કરતા જણાવેલ કે, **મને વિદ્વાન તરીકે સંબોધવામાં કે મુલવવામાં આવેલ છે, પરંતુ હું તો એક વિદ્યાર્થી છું અને વિદ્યાર્થી જ રહેવા માગું છું.**

ડૉ. જીતુભાઈ શાહના ગુરુ હતા **પંડિત બેચરદાસ દોશી.** તેઓ બહુશ્રુત પંડિત હતા. આગમો તેમને મોઢે હતા. ભગવતીસૂત્ર પણ તેમને મોઢે હતુ. તેમના પુત્રનું મૃત્યુ થતાં તેઓએ અત્યંત આઘાત અનુભવ્યો હતો. આથી જીવનભર તેમણે વિદ્યાર્થી તરીકે રહેવાનું પસંદ કર્યું.

**પાટણ એ જૈનધર્મનું કાશી છે. કલિકાલસર્વજ્ઞનું એ કાર્યક્ષેત્ર અને કર્મભૂમિ હતું. કુમારપાળ પાસે તેમણે અદ્ભૂત કાર્યો કરાવ્યા હતા.** ચરમ તીર્થપતિ મહાવીર સ્વામીએ આપણને જે કર્મવાદ, સ્યાદવાદ, અહિંસા, અપરિગ્રહની વાત કરી તેના અનેક સિદ્ધાંતો તેમણે આપણી સમક્ષ મૂક્યા અને અમલ કરાવ્યા.

પરમાત્માનો મહત્વનો સિદ્ધાંત હતો અહિંસાનો. કલિકાલસર્વજ્ઞ એ તે અહિંસાનો સિદ્ધાંત કુમારપાળના જીવનમાં ઉતાર્યો હતો. આ સિદ્ધાંત અદ્ભુત હતો. **ગુજરાતની આજની સુખાકારી અને શાંતિનું કારણ કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને કુમારપાળ મહારાજા છે.**

શ્રી પાટણ જૈનમંડળની સ્થાપના અનુમોદનીય છે. વ્યાખ્યાનમાળાનું આયોજન પણ અનુમોદનીય છે. આવા આયોજન દ્વારા સ્વાધ્યાયનો અવસર પ્રાપ્ત થાય છે. દરેક વ્યક્તિએ માતાપિતાની સ્મૃતિમાં આવી વ્યાખ્યાનમાળાનું આયોજન કરવું જ જોઈએ. પૂજા, પૂજન તો બધા જ કરાવે છે.

### કર્મવાદ:-

ભારતીય પરંપરામાં જેટલા ધર્મો ઉદ્ભવ્યા તેમાં મહત્વની વાત જે સ્વીકારવામાં આવી છે તે કર્મ. દરેક ધર્મ કર્મને સ્વીકારે છે. ઘણા પ્રશ્નો આજે તે અંગે ઉદ્ભવે છે.

## આ કર્મ શું છે ?

એકવાર ગૌતમબુદ્ધ વિહાર કરી વિચરતા હતા, ત્યારે તેમને રસ્તામાં કાંટો વાગ્યો. શિષ્ય આનંદે પ્રશ્ન પૂછ્યો - ભંતે ! તમે તો દરેક જીવ સાથે મૈત્રી કેળવી છે, કોઈનું ખરાબ પણ તમે ચિંતવ્યું નથી. તમે કરૂણાની મૂર્તિ અને પ્રેમના સાગર છો છતાં તમને કાંટો કેમ વાગ્યો ?

ગૌતમ બુદ્ધે કહ્યું: ''આ જગતમાં જે કાંઈ બને છે તેની પાછળ કોઈને કોઈ કારણ રહેલું છે. આજથી ૯૦ ભવ પૂર્વે મેં એક જીવની હત્યા કરી હતી તેનાથી આ કર્મ બંધાયું હતું. તેનો આજે ઉદય થયો છે.''

બૌદ્ધ દર્શન ક્ષણિકવાદી અને શૂન્યવાદી છે.

ગહનો કર્મઃ ગતિ

**કર્મની ગતિ ગહન છે - સમજવી મુશ્કેલ છે.**

**કર્મની ગતિ સમજવી એટલે કર્મવાદ અને કર્મના રહસ્યો સમજવા.**

એક શ્લોક દ્વારા કહ્યું: ભલે તમે આકાશમાં ઉડી જાવ, દિશાઓની પેલી પાર ચાલ્યા જાવ, સમુદ્રની પેલી પાર જાવ પણ કરેલા કર્મો છાયાની જેમ તમારી પાછળ આવવાના જ. કર્મ કરેલા ભોગવવા જ પડે.

**દ્રષ્ટાંતઃ** એકવાર ઈંદ્રે એક સભા બોલાવી તેમાં દેવદેવતા ને આમંત્રિત કર્યા. છેલ્લે યમ પધારે છે. યમે દ્વારના શિખર ઉપર કબૂતર બેઠેલું જોયું. યમનું મોઢું વિમાસણું જોઈ કબૂતર ધ્રૂજવા લાગ્યું. ગરૂડે પૂછ્યું : તું કેમ ડરી ગયું ? ગરુડે કહ્યું હું તો વિષ્ણુનું વાહન છું. હું તને એવી જગ્યાએ પહોંચાડી દઈશ જ્યાં તને યમ નહીં પહોંચી શકે. ગરુડ કબૂતરને તેની પીઠ ઉપર બેસાડી સાત સમુદ્ર પાર કરાવે છે. એક નાનકડી જગ્યાએ મૂકી દે છે. મૂકીને ગરુડ પાછું ફરે છે. ઈન્દ્રસભા પૂરી થવા આવી. યમે કબૂતરને જોવાની કોશિશ કરી, ગરુડ યમને પૂછે છે : તમે કેમ હસ્યા ? યમે જણાવ્યું કે કબૂતરનું મૃત્યુ જ્યાં નિશ્ચિત હતું ત્યાં તે તેને પહોંચાડી દીધુ માટે. નહીં તો કબૂતર માટે ત્યાં પહોંચવું અશક્ય હતું.

સારઃ લખાયેલું ક્યારેય મિથ્યા થતું નથી.

કર્મકેટલું બધું સૂક્ષ્મ છે !

**કર્મ એ શું છે ? જીવ કર્મને કેવી રીતે બાંધે છે ?**

**જૈન સિદ્ધાંત પ્રમાણે કર્મ એ પુદ્‌ગલાત્મક છે.** It is like other particles. પણ કર્મના પુદ્‌ગલો અત્યંત સૂક્ષ્મ છે. કેવલિ ભગવંત સિવાય કોઈ તેમને જોઈ શકતું નથી. જેમ પરમાણું જોવા સૂક્ષ્મદર્શક યંત્ર જોઈએ તેમ કર્મપુદ્‌ગલોને જોવા, પરમાણુને જોવા અશક્ય છે. પરમાણુમાં ગજબ શક્તિ છે. **આવા અનેક પરમાણુઓ ભેગા થાય તેને વર્ગણા કહેવાય. પુદ્‌ગલોનો સમૂહ તે કર્મ.** ૧૪ રાજલોકમાં આ કર્મણ વર્ગણાના પુદ્‌ગલો ઠાંસી ઠાંસીને ભરેલા છે. કોઈ આકાશપ્રદેશ ખાલી નથી. જ્યાં સુધી તે પુદ્‌ગલો આત્મા સાથે જોડાતા નથી ત્યાં સુધી તે ફળ આપી શકતા નથી. પણ જ્યારે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો આત્મા સાથે જોડાય છે ત્યારે ફળ આપવા શક્તિમાન બને છે. મન-વચન કાયાની ક્રિયા દ્વારા જીવ તે કાર્મણવર્ગણાને ખેંચી આત્મા સાથે સંબંધ કરાવે છે.

ઉમાસ્વાતિ મહારાજે તત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે, કાયવાઙ્‌મનઃ કર્મયોગઃ સ્પંદનો દ્વારા આપણે તે પુદ્‌ગલોને આકર્ષિત કરીએ છીએ અને તે આત્મા સાથે ચોંટે છે.

**આત્મા અરૂપી છે, પુદ્‌ગલ રૂપી છે.**

**એક ચૈતન્ય છે, એક નિર્જીવ છે.**

ચૈતન્ય આત્મા અનંત શક્તિનો સ્વામી છે. તેમાં અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય પડેલું છે. આમ આત્મા આટલો બધો સમર્થ હોવા છતાં નિર્જીવ પુદ્‌ગલ કેવી રીતે આટલી બધી અસર કરે છે ? આ શક્તિઓને આવૃત્ત કરાય છે.

જ્ઞાતાધર્મકથા નામના આગમમાં એક સુકાયેલા તુંબડાનું દ્રષ્ટાંત આવે છેઃ તુંબડુ તરવાના સ્વભાવવાળું છે. પણ તેના ઉપર જ્યારે ચીકણી માટીનો લેપ કરવામાં આવે તેવા ૮ લેપ કરવામાં આવે ત્યારે તે તુંબડુ ભારે થઈ જાય છે. તેથી તે તળાવના તળિયે પહોંચી જાય છે. માટીના થર પલળતા જાય છે. ૧-૧ પડ છૂટું પડતું જશે. છેલ્લું પડ જ્યારે ઉખડશે ત્યારે તુંબડું તળાવની સપાટીએ તરવા માંડશે. **આ ૮ થર એટલે ૮ કર્મ,** જ્ઞાનાવરણીય કર્મ, દર્શનાવરણીય કર્મ, વેદનીય કર્મ, મોહનીય કર્મ, આયુષ્ય કર્મ, નામ કર્મ, ગોત્ર કર્મ, અંતરાય કર્મ.

નિગોદની અવસ્થા એ નિકૃષ્ટ અવસ્થા છે. ત્યાં માત્ર આંશિક ચૈતન્ય હોય છે. બાકી બધા લક્ષણો ઢંકાયેલા હોય છે. ત્યાં માત્ર અનંતની શક્તિનો ભાગ ખુલ્લો હોય છે. સજીવ - નિર્જીવનો ભેદ, તેનું લક્ષણ છે ઉપયોગ અને અનુભૂતિ.

અકામ નિર્જરા દ્વારા તેના કર્મો ભોગવાતા ભોગવાતા જ્યારે જીવ ત્યાંથી નીકળે છે એટલે કે નિગોદમાંથી જ્યારે નીકળે છે ત્યારે તે અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવે છે. એકેન્દ્રીયમાંથી પંચેદ્રીયપણું પામે છે. મૂળભૂત શક્તિનો ત્યાં નાશ નથી થતો પણ શક્તિ આવૃત્ત થાય છે, અવરાય છે.

દા.ત. લાઈટના બલ્બને મલમલનું કપડુ વીંટાળતા ધીમે ધીમે પ્રકાશ ઓછો થતો જશે. જેમ ૮ આવરણ આવે તેમ આત્મા ઉપર આવા ૮ આવરણ લાગે છે તેની સાથે આત્માની અનંત શક્તિ અવરાય છે, આવૃત્ત થાય છે. નિર્જીવ પદાર્થ સજીવના સંપર્કમાં આવે ત્યારે સજીવને પ્રભાવ દેખાડે છે. દા.ત. મરચું નિર્જીવ છે તેનો પ્રભાવ જીભ ઉપર પડતા અનુભવાય છે. તેવી રીતે કર્મ આત્મા સાથે સંપર્કમાં આવે છે ત્યારે સજીવને આવૃત્ત કરી નિર્જીવ કર્મ તેનો આત્મા પર પ્રભાવ પાડે છે.

આત્મા સાથે કર્મબંધ થાય છે ત્યારે આત્મા પોતાની શક્તિને આવૃત્ત કરી દે છે. જ્યારે આત્મા સાથે કર્મ જોડાય છે ત્યારે કર્મ કયા ગુણોનો ઘાત કરશે ? જે કર્મ પ્રધાન હશે તેના ગુણનો ઘાત કરશે.

**કર્મ ૩ પ્રકારના છે:**

**ક્રિયમાણ કર્મ, સંચિતકર્મ, પ્રારબ્ધ કર્મ.**

આ ૩ પ્રકારના કર્મથી મનુષ્યનું જીવન જીવાય છે. કર્મને શા માટે સ્વીકારવું પડે છે ?

જગતમાં ઘણી વસ્તુઓનો તાળો મળી શકતો નથી. એક જ ઘરમાં જન્મેલા બે બાળકોમાં શા માટે વિચિત્રતા અને વિષમતા હોય છે ?

કમાવવા જનાર ગુમાવે શા માટે ?

એક વ્યક્તિ સોદો કરે તો નુકસાન કરે અને એક નફો કરે.

શા માટે ?

આમાં કોઈ બુદ્ધિ કે પ્રયત્ન નથી પણ કોઈ એક એવું તત્વ છે જેના કારણે વિચિત્રતા સર્જાઈ છે અને તે તત્વ છે કર્મ.

દરેક ક્રિયા કર્મને આધિન છે. જેવા કર્મ કરીએ છીએ તેવા ભોગવીએ છીએ. બે વ્યક્તિ મુંબઈની ધરતી ઉપર સાથે જ પગ મૂકે છે. **એક મુકેશ અંબાણી બને છે અને એક લારીવાળો શા માટે ?**

**કારણ છે કર્મ:**

કર્મ આઠ છે. આમ કર્મને ૮ વિભાગમાં વિભાજિત કર્યું. પણ જ્યાં સુધી કાર્મણવર્ગણાના પુદ્ગલો આત્મા સાથે જોડાતા નથી ત્યાં સુધી સમાન છે, **પણ જ્યારે જોડાય છે ત્યારે જે ભાવનાઓ ભાવે છે તેનાથી કર્મનો સ્વભાવ નક્કી થાય છે.**

**ક્રિયા કરવા દ્વારા જે થાય તે કર્મ**

મન - વચન - કાયાથી થતી ક્રિયાઓ છે. સૌથી સૂક્ષ્મ ક્રિયા મનથી થાય છે તેને આપણે નજરઅંદાજ કરીએ છીએ.

કલિકાલસર્વજ્ઞ કુમારપાળને કહે છે: જ્યારે કુમારપાળે કહ્યું કે ગુરુદેવ ! આજે મને અબ્રહ્મનો વિચાર આવ્યો. શું કરું ? પ્રાયશ્ચિત આપો.

**ગુરુદેવે કહ્યું,**

**મનથી કર્યુ એટલે ઉપવાસ**

**વચનથી કર્યુ એટલે આયંબિલ**

**કાયાથી કર્યુ એટલે એકાસણું.**

મન એ કોઈપણ ક્રિયાનું આરંભબિંદુ છે. તે જ વિચાર વચન અને કાયામાં આવે છે. મન ઉપર કાબુ હોય તો તે વિચાર ક્યારેય ઉપસ્થિત થતો નથી. મનથી કરેલો વિચાર વચન અને કાયામાં આવે છે.

કેવા પ્રકારની ક્રિયા થઈ રહી છે તેના દ્વારા કર્મની પ્રકૃતિ નક્કી થાય છે.

જ્ઞાનની આશાતના કરતી વખતે જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. તેના ઉદયમાં જીવને વિસ્મૃતિનો અનુભવ થાય છે. ભણતા ભણતા ઉંઘ આવે, કંટાળો આવે.

જ્યારે કર્મ બંધાય છે ત્યારે જ તેની પ્રકૃતિ નક્કી થાય છે. માત્ર ક્રિયા નથી થતી પણ તે વખતે મનમાં પડેલા કષાયો એક્ટીવ થાય છે. માત્ર વિચાર નહીં પણ સ્વીકાર, તિરસ્કાર, રાગદ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ તેની સાથે જોડાય છે. કારણ કે આપણે છદ્મસ્થ છીએ એટલે કષાયો ક્રિયા સાથે એક્ટીવ થાય છે. કષાય - નોકષાય બન્ને એક્ટીવ થાય છે.

**જ્યારે તે કર્મ ભોગવવાનું હોય ત્યારે કેટલી તીવ્રતા મંદતા હશે આમ તેના રસનો અનુભવ થાય છે.**

**ચંડકૌશિકનું દ્રષ્ટાંત:**

પૂર્વના ૩ જા ભવે તે જૈન સાધુ છે. ક્રિયા કરતી વખતે અજાણતા તેમના પગ નીચે ૧ દેડકી કચડાઈ જાય છે. બાળસાધુ આ ક્રિયા જુવે છે. સાંજના પ્રતિક્રમણમાં ગુરુ આ દેડકીનું પ્રાયશ્ચિત કરતા નથી. બાળ સાધુ ગુરુને યાદ કરે છે. પ્રાયશ્ચિત લેવાનું કહે છે, ગુરુને તીવ્ર ક્રોધ આવે છે. અંધારુ થતા ગુરુ તેની પાછળ દોડતા થાંભલા સાથે અથડાયા, મૃત્યુ પામ્યા. ગુરુ માત્ર મારવા દોડ્યા હતા, માર્યું નથી. માત્ર મનમાં મથામણ થઈ હતી પણ તીવ્ર કષાય થયો. બીજા ભવમાં તાપસ થયા અને ત્યાંથી મરીને તિર્યંચ થયા, સર્પ થયા. ક્રોધના લીધે કષાયના ગુણાકાર થયા. શ્રેષ્ઠ જીવનમાંથી પતન થયું. તિર્યચના ભવમાં તેની આંખમાં ક્રોધ હતો. આનું કારણ શું છે ? પૂર્વભવમાં મૈત્રીના બદલે ક્રોધની ભાવના કેળવી હતી. ક્રિયા સાથે કષાયો ભળતા તીવ્રતા આવે છે અને ઉદયમાં આવે ત્યારે તીવ્રતાનો અનુભવ થાય છે.

**કર્મ બંધાય પછી તેની સ્થિતિ નક્કી થાય છે. કોઈક કર્મ ૨-૪ ભવ પછી અને કોઈ કર્મ તરત ઉદયમાં આવે છે, અધ્યવસાય અને લેશ્યા આ સ્થિતિને નક્કી કરે છે.** બે પ્રકારની લેશ્યા હોય છે શુભ અને અશુભ. ક્રિયા કરતી વખતે તીવ્ર લેશ્યાનો ઉદય હોય તો લાંબો વખત તે જોડાયેલું રહે. સૌથી ઉત્કૃષ્ટ સ્થિતિ મોહનીય કર્મની છે - ૭૦ કોડાકોડી સાગરોપમની છે.

શ્રેણિક મહારાજ એકવાર મહાવીર સ્વામીને વંદન કરવા જતા હતા. રસ્તામાં એક યોગીને જોયા. તે યોગી રાજર્ષિ હતા. સૂર્ય આતાપનાનું તપ તપી રહ્યા હતા. શ્રેણિક મહારાજાએ પૂછ્યું : ભગવન્ ! તે યોગી હમણા કાળધર્મ પામે તો ક્યાં જાય ? ભગવાને કીધું ૭મી નરકમાં. ક્ષણવાર પછી પૂછ્યું તો કીધુ સર્વાર્થ સિદ્ધ વિમાનમાં જાય. ક્ષણવાર પછી કેવળજ્ઞાન થયું. અશુભ ભાવની ધારા વહેતા તે ૭મી નરકમાં જવા યોગ્ય બન્યો. દુર્મુખના વચન સાંભળતા પ્રસનચંદ્રને તીવ્ર કષાય આવ્યો. તીવ્ર કર્મ બંધાયું. ધ્યાનની ધારા બદલાતા, મસ્તકે મુંડનનો અનુભવ થતાં તેમને થયું હું તો સાધું છું. હું તો બધુ છોડીને આવ્યો છું અને આમ વિચારધારા બદલાતા તિર્વ પશ્ચાતાપ થયો અને દુર્ગતિમાંથી સદ્ગતિ બંધાઈ.

શુભભાવની ધારામાં વહે ત્યારે તે જ કર્મ **નિર્જરા કરાવે** અને કાર્મણવર્ગણાના પુદ્ગલોને ભસ્મીભૂત કરે છે.

પ્રશમરતિ ગ્રંથમાં ઉમાસ્વાતિ મહારાજ સાહેબ કહે છે.

જ્યારે જીવ ક્ષપકશ્રેણી માંડે છે ત્યારે તીવ્ર ભાવધારામાં પહોંચે ત્યારે તેનામાં કેટલી તાકાત ઉત્પન્ન થાય ?

આપણે અહીં શક્તિ સાથે સામર્થ્યની વાત કરીએ છીએ. એક જીવ જ્યારે ક્ષપકશ્રેણી માંડે છે ત્યારે જગતના તમામ જીવોના તમામ કર્મોને ખપાવવાનું સામર્થ્ય પ્રગટે છે. એક બેનને સોય વાગતા ચીસ નીકળે છે અને તે જ બેન આત્મહત્યા સુધીનું દુઃખ સહન કરી શકે છે તેનું કારણ છે તેનું ભાવનું સામર્થ્ય પ્રગટ્યું.

**ક્ષપકશ્રેણીમાં ભાવના ભાવતા આવું થાય છે. જગતના સર્વે જીવોના સર્વે કર્મોનો ક્ષય કરી શકે તેવું સામર્થ્ય પ્રગટે છે.**

**કર્મનું સંક્રમણ નથી થતું. આપણું બાંધેલું કર્મ આપણે જ ભોગવવું પડે છે.**

**સામર્થ્ય હોવા છતાં કર્મનું સંક્રમણ થઈ શકતું નથી, પણ તે ક્ષય પામતા નથી.**

**કર્મ બંધાયા પછી પ્રકૃત્તિ - સ્થિતિ - રસ - પ્રદેશ નક્કી થાય છે. કર્મ બાંધ્યા પછી જ્યાં સુધી કર્મ ઉદયમાં ન આવે ત્યાં સુધીનો કાળ તે અબાધાકાળ કહેવાય.**

અ = નહીં અને બાધા = કોઈપણ જાતની તકલીફ ન થાય તેવો કાળ.

**આ અબાધાકાળ એ સૌથી શ્રેષ્ઠ કાળ છે.**

**અબાધાકાળમાં સાધના કરે તો કર્મનો ક્ષય થઈ શકે.** કર્મની સ્થિતિ અને રસમાં ફેરફાર કરી શકે છે. **કર્મવાદનું રહસ્ય તેની સ્થિતિ અને રસમાં છે.** કરેલું ભોગવવું તો પડશે જ પણ કરેલું નષ્ટ કરી શકાય છે. જો અબાધાકાળમાં પ્રયત્ન કે સાધના કરવામાં આવે તો સ્થિતિ અને રસ તૂટી શકે છે.

જીવ જ્યારે બીજા જીવને દુઃખ અને પીડા આપે, તપાવે આક્રંદ કરાવે તો અશાતા વેદનીય કર્મ બંધાય.

ખેતી કરવામાં કેટલી હિંસા થાય છે તેવું ગૌતમ સ્વામીએ એક ખેડૂતને કહ્યું. ખેડૂત આ સાંભળી પ્રભાવિત થયો. ગૌતમ સ્વામીનું આદેય નામકર્મ બળવાન હતું. ખેડૂત તેમનાથી પ્રભાવિત થયો. ખેડૂતે દીક્ષા લીધી. દૂરથી ગૌતમસ્વામી ખેડૂતને ભગવાન બતાવે છે. મારા ગુરુ છે તેવું કીધું. ખેડૂત આ મહાવીર સ્વામીને જોઈને ઓઘો છોડીને ભાગી ગયો. ગૌતમસ્વામી આશ્ચર્યચકિત થઈ ગયા. ભગવાનને પૂછ્યું. આવું કેમ ?

ભગવાને કહ્યું મારા ૧૮માં ભવે હું ત્રિપૃષ્ઠ વાસુદેવ હતો અને ગૌતમ સ્વામી તેમના સારથી હતા. જંગલમાં તે વખતે એક સિંહને જોયો. પરાક્રમ બતાવવા મેં રથમાંથી કૂદકો મારી સિંહના મોઢામાં હાથ નાખી તેનું મોઢુ ફાડી નાખ્યું. મેં તેને મારી નાખવાની ચેષ્ટા કરી અને તે એને બચાવવાની ચેષ્ટા કરી.

કર્મ અનેક ભવો પછી પણ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે જે રીતે બંધાયું હોય છે તે જ રીતે ઉદયમાં આવે છે.

**કર્મ કરતા અનુબંધ પડે છે.**

**કર્મ કર્યા પછીના ભાવો કેવા છે તેના આધારે અનુબંધ પડે છે.**

મમ્મણ શેઠ અને શાલિભદ્ર - બન્ને ચોથા આરાના જીવો હતા. લાડુ વહોરાવતા મમ્મણને ભાવ થયો. લાડવો મહારાજ સાહેબને વહોરાવ્યો. ભાવની ધારા ઉંચી આવી, પણ પડોશીના કહેવાથી મમ્મણના ભાવ પડી ગયા. લાડવો પાછો માંગે છે. ક્રિયા શ્રેષ્ઠ હતી, કર્મ શ્રેષ્ઠ બાંધ્યું તેથી શ્રેષ્ઠ સંપત્તિ મળી પણ પોતે ભોગવી ન શક્યા.

શાલિભદ્રને વહોરાવ્યા પછી ભાવની ધારા વધી ગઈ, તેથી તેમને શુભ અનુબંધ પડ્યો.

કર્મ કર્યા પછીના after thoughts ના આધારે અનુબંધ નક્કી થાય છે. પુણ્યાનુબંધી પુણ્ય કે પાપાનુબંધી પુણ્ય બને. **અનુબંધ એ જૈન ધર્મનો સર્વશ્રેષ્ઠ સિદ્ધાંત છે.** કર્મના બંધ પછી અનુમોદના કરે તો ઘણું પુણ્ય પ્રાપ્ત થાય.

**કરણ ૮ છે.**

**પણ અહીં ૨ કરણ જ કહેવાના છે.**

**(૧) સંક્રમણ કરણ (૨) ઉદીરણા કરણ**

જે કર્મ બાંધ્યું છે તેને બીજામાં પરિવર્તિત (ટ્રાન્સફર) કરવું તે સંક્રમણ કરણ.

કર્મ ઉદયમાં આવવાનું હોય તે પહેલા તેને ઉદયમાં લાવી દેવું તે ઉદીરણા કરણ.

**જે પ્રમાણે ધારા વહે તે પ્રમાણે સંક્રમણ થાય.**

**શુભભાવની ધારા વહેતી હોય તો અશુભ કર્મો શુભમાં સંક્રમણ થાય. પરિવર્તિત (ટ્રાન્સફર) થાય.**

**આ કર્મનું જ્ઞાન એ અદ્ભુત વિજ્ઞાન છે. અદ્ભુત સિદ્ધાંત છે. જે તેને ન સમજે તે પોતાનું જીવન વેડફી નાખે છે. આ સિદ્ધાંત આપણી દ્રષ્ટિ અને વ્યવહાર બદલી શકે છે.**

**સંકલન: શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ**


## મકાન વેચવાનું છે

**એક મકાન પાટણ ઘીમટો તંબોલી વાડો, ૨૫૦ સ્કે.ફીટ, ત્રણ માળનું મકાન સી.સી. બાંધકામવાળું વેચવાનું છે.**

**સંપર્ક:**

**મુંબઈ ફોન નં. પ્રીતિ: 08879404007**

**ગીરીશભાઈ : 08879395591**

ADVT



**MATRIMONIAL**

Name : **ISHA NARENDRAKUMAR SALVI**
Dob : 14-11-1986 Hight : 5 feet Weight : 44 Kg.
Education : BSC, MSC with Maths
Job : Lecturer BSC College Patan
Mother : Naynaben N. Salvi
Father : Narendra C. Salvi
Address : Patan
Phone : (02766)234965 / 09998863191

ADVT

## તંત્રીસ્થાનેથી...

# માનવ સેવા એજ પ્રભુ સેવા...

**જે ધર્મ કે ઈશ્વર વિધવાના આંસુ લૂછી ન શકે, અથવા મા-બાપ વિનાના નિરાધાર બાળકોના મુખમાં રોટીનો ટુકડો મુકી ન શકે, તેવા ધર્મ કે ઈશ્વરમાં મને શ્રદ્ધા નથી. ધર્મમાં ઉમદા તત્વો ગમે તેટલા હોય, તેનું તત્વજ્ઞાન ભલે સુગંધિત હોય, પરંતુ જ્યાં સુધી તે પુસ્તકમાં જ પથરાયેલું છે, ચર્ચાઓમાં જ અટવાયું છે અને આચારમાં ઉતર્યું નથી, ત્યાં સુધી તેનું કશું મૂલ્ય નથી.**

**- સ્વામી વિવેકાનંદ.**

સમાજના સૌને પ્રેરણા મળે તે હેતુથી તાજેતરમાં થયેલ અનુમોદનીય કાર્યનો ઉલ્લેખ અત્રે કરીએ છીએ.

શ્રી પાટણ જૈન મંડળની સમાજ ઉત્કર્ષ સમિતિએ ભાયંદરમાં ''સ્નેહ મિલન''નું આયોજન કર્યું હતું. આપણા સમાજના આ વિસ્તારની આસ-પાસ રહેતા સભ્યોને સ્વાવલંબી તેમજ આર્થિક રીતે વધુ સુદ્રઢ કરવા આ મિલનમાં સભ્યો સાથે સંસ્થાના આયોજકોએ મંતવ્યોનું આદાન પ્રદાન કર્યું હતું.

**આ વખતે ભાયંદરમાં રહેતી પાટણ સમાજની ૧૭ વર્ષની એક બાળાનો સ્થાનિક કાર્યકર શ્રી નીલેશભાઈ કાંતિલાલ શાહ (રાણીવાળા)એ પરિચય કરાવતાં જાણ થઈ કે, પિતાના અવસાન પછી માતા સાથે રહેતી આ બાળાએ છઠ્ઠા ધોરણ પછી અભ્યાસ છોડી દીધો હતો. નજીકમાં ખાખરા બનાવવાના કાર્યમાં મદદ કરતી આ બાળાને દિવસના ૧૦૦ રૂપિયા મજૂરી મળતી. છેલ્લા કેટલાક વખતથી બીમાર માતાની તબિયત વણસતી હતી અને કુટુંબની પરિસ્થિતિ પણ કથળેલી** હતી. મંડળમાં કાર્યકર્તાઓની આ બાબતે ચર્ચા થઈ અને વરસતા વરસાદમાં સંસ્થાના કાર્યકર્તાઓ **બીજી સવારે સ્થાનિક કાર્યકર્તાઓની સાથે ભાયંદર પહોંચી ગયા. જાત તપાસ કરતા જણાયું પરિસ્થિતિ સાંભળ્યા કરતાં ઘણી દારૂણ હતી, બહેનને આખા શરીરે ચાઠાઓ પડી ગયા હતા, ઘા પાકી ગયા હતા, લાલ જામા અને ખુલ્લા ઘા, પાટા-પીંડી પણ વ્યસ્થિત નહીં, નાની ઓરડી જેવી રૂમ, ગાદી તકીયાના અભાવે જમીન પર ચાદર પાથરેલી તેની પર પડખે સુતા બેનના માથા નીચે કપડાનું બનાવેલું પોટલું હતું. મુંબઈથી કાર્યકર્તાઓને આવેલા જોઈ બહેનની આંખમાં આશાના કિરણો દેખાયા હતા.** જ્યારે આવી દર્દનાક પરિસ્થિતિ જોઈ કાર્યકર્તાઓની આંખમાં ઝળઝળીયા હતા. આજ મકાનમાં રહેતા પાટણના **શ્રી પંકજભાઈ શ્રીમંતલાલ શાહ** અને તેમના **ધર્મપત્ની પૂજાબેન** દર્દીની સારવાર કરવા હંમેશા મદદરૂપ થતા. પરંતુ હવે ઘરે ઉપચાર કરવો શક્ય ન હતો.

તાબડતોબ મીરારોડ વિનયનગર (જૈન કોલોની છે)માં આવેલ નર્સિંગ હોમમાં અલાયદા રૂમમાં રાખી સારવાર શરૂ કરવામાં આવી. નર્સીંગહોમના **ડૉક્ટર સુરેન્દ્ર પાંડેય** તરફથી સુંદર સહકાર મળ્યો. શ્રી પાટણ જૈન મંડળે પણ અગ્રતાક્રમે સારવાર માટે આર્થિક મદદ કરી.

**પૂજ્ય પંન્યાસજી શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ સાહેબની** પ્રેરણાથી મીરારોડમાં વિનય નગર જૈન સંકુલ બનેલ છે ત્યાં જીનમંદિર તેમજ ઉપાશ્રય પણ છે. ત્યાં બીરાજમાન **પૂજ્ય સાધ્વીજી શ્રી રત્નલોચનશ્રીજી મહારાજે** માંગલિક સંભળાવેલ, ત્યાંના સંઘની શ્રાવીકા બહેનોએ પીડામાં રાહત થાય તે માટે વેદનીય કર્મની પૂજા રાખી હતી, સામૂહીક સામાયક તેમજ જાપ બહેનો દ્વારા થયા હતા. દવા અને દુવાથી દર્દી બહેનને શાતા રહેતી હતી. દરમ્યાન સારવારના ત્રીજા અઠવાડિયે તા. ૧૪ ઓગસ્ટના અચાનક તબિયત બગડતા આ દર્દીએ છેલ્લો શ્વાસ લીધો ત્યારે સ્વજનો, સ્નેહીઓ તેમજ કાર્યકર્તાઓને ગ્લાની થાય તે સ્વાભાવીક છે, પણ સાથે સાથે એક સાધર્મિકને શાતા મળે તેવી સરવાર અને જીવનના છેલ્લા દિવસોમાં ધર્મ પમાડી શક્યા તેનો સંતોષ પણ હતો.

ભાયંદરના કાર્યકર્તા શ્રી નિલેશભાઈના સાદને મંડળના હોદ્દેદારો **શ્રી સંદિપભાઈ રમેશચંદ્ર તેમજ અન્યો તરફથી ત્વરીત પ્રતિસાદ મળ્યો.** મંડળના કર્મચારી શ્રી યોગેશભાઈએ પણ સમય શક્તિનું યોગદાન આપ્યું. સાધર્મિક ભાવનાથી પ્રેરાઈને વિનયનગરના સંઘના ટ્રસ્ટીઓ તેમજ શ્રાવકોએ દર્દી માટે ભોજન ઈત્યાદિની વ્યવસ્થા કરી હતી. તેમજ મંડળના સંનિષ્ઠ કાર્યકરો **શ્રી અમીતભાઈ સેવંતીલાલ તથા શ્રી પ્રીતેશ કિરીટભાઈ (નંદરબારવાળા)**એ બીમાર દર્દીની મુલાકાત લઈ સારવારનું અવલોકન કર્યું હતું, આમ સ્વેચ્છાએ કર્તવ્યની ભાવનાથી સૌએ ફરજ નિભાવી.

**સત્કર્મ, સેવા અને પરોપકાર માટે તન-મન અને ધનની જરૂરિયાત તો છે જ, પરંતુ ભાવનાનું મહત્વ સૌથી વધુ છે. ભાવના જાગે તો અપંગ માણસ બુદ્ધિ અને નાણા વડે અને નિર્ધન માણસ શરીર ઘસીને પણ પરોપકાર કર્યે જાય છે. એટલે સેવાની ભાવનાવાળા માણસો જ સમાજ અને સંસ્થા માટે આશીર્વાદ સમા બનતા હોય છે તેને ધ્યાનમાં રાખી ઉપર્યુક્ત દ્રષ્ટાંત આલેખ્યું છે.**

**શ્રાવણ માસ એટલે વિવિધ પર્વોનું આગમન લઈ આવનાર પાવન માસ. જૈનો માટે મહાપર્વ પર્યુષણની છડી પોકારનાર મહિનો, દેવ - દર્શન - આરાધનામાં લીન થઈ જવાનું મહાપર્વ.**

દૈનિક પ્રતિક્રમણ, સામાયિક કે પૂજા નહીં કરનારા પણ પર્વના દિવસો દરમ્યાન નિત્ય આરાધના કરવા તત્પર બનશે જ! અને ભાદરવા સુદ ૪ ને સંવત્સરી મહાપર્વ દિને બારસા સૂત્રનું શ્રવણ કરી બારમાસ દરમ્યાન મન-વચન-કાયાના યોગે જાણતા અજાણતા થયેલ મનદુઃખની અંતઃકરણપૂર્વક ક્ષમાયાચના કરી **સાંવત્સરીક પ્રતિક્રમણ કરશો જ.**

સમગ્ર વર્ષ દરમ્યાન સંસ્થાના હોદ્દેદારો દ્વારા જાણતા-અજાણતા થયેલ દુઃખ બદલ અંતઃકરણ પૂર્વક ક્ષમા યાચી આપને પણ ખમાવીએ છીએ. **આપ પણ અમને ઉદારતાથી ક્ષમા આપશો જ તેવા વિશ્વાસ સાથે...**

**મિચ્છામી દુક્કડમ્ ...!!**

**❑ સંપાદક સમિતિ**

# ટેલન્ટ પરેડ

**આગામી ૨૮ નવેમ્બર ૨૦૧૫ શનિવારના રોજ શ્રી પાટણ જૈન મંડળની પ્રોગ્રામ સમિતિના નેજા હેઠળ ટેલેન્ટ પરેડનું આયોજન કર્યું છે.**

આ સાંસ્કૃતિક પ્રોગ્રામમાં ભાગ લઈ આપની અને આપના બાળકોની આંતરિક શક્તિ, વિશિષ્ટ કલા-કૌશલ્ય અને ટેલેન્ટ બતાવવાની તક આપશ્રી ત્વરીત ઝડપશો !

તો આજે જ ટેલન્ટ પરેડમાં ભાગ લેવા માટેનું ફોર્મ જે જુલાઈ માસના અંકમાં પાના નં. ૫ ઉપર છાપેલ છે, એને ભરી, આવેલી તકને ઝડપી લો.... !

આપના બાળકમાં રહેલી છુપી શક્તિઓ અને ટેલેન્ટને પ્રોત્સાહીત કરી જીવનમાં નિર્ભય બનવા સાથે આગળ વધવાની પ્રેરણા આપો. બાળપણમાં મળેલી આ તક દ્વારા પોતાનામાં રહેલી ટેલેન્ટને વિકસાવી આવતી કાલે તમારું આ બાળક પરિવારનું, પાટણનું અને દેશનું ગૌરવ વધારનાર વ્યક્તિત્વ બની શકે છે... બાળકના રાહબર બનવાની સૌ પેરેન્ટ્સની ફરજ છે.

આજના શિક્ષણના ભાર નીચે દબાયેલા બાળકને ટાઈમ ઓછો મળે છે તે **ધ્યાનમાં રાખી રીહર્સલમાં સરળતા રહે તે માટે તેમનામાં રહેલી ટેલન્ટને વીડીઓ, વોટ્સઅપ કે પેનડ્રાઈવ દ્વારા અમોને મોકલી શકો છો.**

તમારો સમય ઓછો બગડે તથા તમારી અગવડો સગવડોમાં રૂપાંતર થાય એજ અમારું ધ્યેય અને તૈયારી રહેશે.

સમાજના બાળકોનો વિકાસ એજ સંસ્થાનું એકમાત્ર લક્ષ્ય છે. અમોએ આપેલા આ પ્લેટફોર્મ દ્વારા તમો તમારા જીવન ઘડતરની શરૂઆત કરી ઉચ્ચતમ શિખરે પહોચો એવી અમારી શુભ કામના.

ટેલેન્ટ પરેડ માટે એન્ટ્રી આવવાની શરૂઆત થઈ છે. **૩૦ સપ્ટેમ્બર ૨૦૧૫ સુધીજ ફોર્મ સ્વીકારાશે.**

**રખેના આપ ચુકી જાવો...**

આપના બાળકના ભવિષ્યને નિખારવા જાગૃત બની પ્રતિબિંબમાં આપેલ એન્ટ્રી ફોર્મ ભરી ટેલન્ટ પરેડમાં ભાગ લેવા સૌને વિનંતી.

ફોર્મ મરીન ડ્રાઈવ, ગોરેગાવ તેમજ બોરીવલી ખાતેના કાર્યાલય તેમજ મંડળની સાઈટ પરથી પણ મેળવી શકો છો.

❑ **પ્રોગ્રામ સમિતિ**

**નીચે દર્શાવેલ ટેલન્ટ આઈટમ માંથી આપશ્રી પસંદગી કરી તમારું ફોર્મ ભરી મોકલાવી શકો છો.**

**એન્ટ્રી ફોર્મની મુખ્ય વિગતો**

Type of Item :

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1.0 | Music : | | 3.0 | Acting : | |
| 1.1 | Instrumental | ☐ | 3.1 | Mono Acting | ☐ |
| 1.2 | Songs / Bhajan | ☐ | 3.2 | Mimicry / Laughter | ☐ |
| 2.0 | Dancing : | | 3.3 | Drama | ☐ |
| 2.1 | Solo / Duet / Less than 4 | ☐ | 4.0 | Other : | |
| 2.2 | Group / Garba / Raas | ☐ | 4.1 | Special | ☐ |

Any Special Talent - Maths, Sanskrit, Proficiency in Languages, Religion etc at Young Age.

Describe your Item/Song/Raga : ______________________________

Time for item :__________ Minutes. ______________________Date : __________


## શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

### નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જેની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**● સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ ●**

ADVT

# Medical Reliefs in Apr, May & Jun 2015

## Medical Relief (Sahay) Analysis (Rs '000)

| S No | Disease | Institution | Resi | Age | Sanc 14-15 | Sanc 15-16 |
|---|---|---|---|---|---|---|
| 1 | - | D-Dr. Arun Nero | M. Drive | 90 | 18.5 | 3.7 |
| 2 | - | D-Dr. Pradip Naik Radio | Pune | 73 | 0.0 | 4.2 |
| 3 | - | D-Goliwarkar | Pune | 73 | 8.0 | 3.0 |
| 4 | Accident | H-Shrushru Hosp | Borivali | 82 | 0.0 | 0.4 |
| 5 | Boils | H-Shah Hosp patan | Patan | 59 | 45.0 | 3.8 |
| 6 | BP | D-Dr. Mehta Pathology | M. Drive | 65 | 9.0 | 12.0 |
| 7 | BP | D-Nakoda Diag | Kandivali | 56 | 0.0 | 3.8 |
| 8 | BP | D-Dr Jariwala Lab | Borivali | 75 | 31.0 | 11.7 |
| 9 | BP,Diabetes | D-Brahma Sabha | Charni Rd. | 57 | 2.4 | 5.6 |
| 10 | Brain | D-Criticare | Andheri | 75 | 0.0 | 65.0 |
| 11 | Brain | H-saifee Hos | Borivali | 57 | 0.0 | 45.0 |
| 12 | Cancer | H-Nanawati | Andheri | 76 | 0.0 | 110.0 |
| 13 | Cancer | D-Suburban Diag | Goregoan | 63 | 0.0 | 110.0 |
| 14 | Cancer | H-Bhakti Vedant | Bhayandar | 65 | 0.0 | 47.0 |
| 15 | Cancer | D-Dr. Barkhas Diag | Thane | 78 | 0.0 | 27.0 |
| 16 | Cancer | D-Vaidya Dhananjaya | Pune | 39 | 10.0 | 18.5 |
| 17 | Diabetes | D-Bhide lab | Fort | 60 | 2.5 | 6.4 |
| 18 | Diabetes | D-Suburban Diag | Goregoan | 63 | 45.0 | 4.7 |
| 19 | Diabetes | D-Arihant Heart | Borivali | 70 | 0.0 | 2.7 |
| 20 | Diabetes | D-Dr 2D Eco | Goregoan | 67 | 17.0 | 2.5 |
| 21 | Diabetes | H-Bhakti Vedant | Bhayander | 60 | 75.0 | 6.5 |
| 22 | Diabetes | H-Hiranandani Hosi | Sanpada | 73 | 32.5 | 8.7 |
| 23 | Diabetes | H-Sai Kripa Hosp | Panchgini | 56 | 0.0 | 65.0 |
| 24 | Ear | D-Hithwardhak Kand | Kandivali | 70 | 0.0 | 5.7 |
| 25 | Eye | H-Dr. Kaji Hosp | Nalasopara | 77 | 0.0 | 29.1 |
| 26 | Fever | D-Suburban | Goregoan | 67 | | 2.3 |
| 27 | Fever | D-Appolo Clinic | Kandivali | 33 | 0.0 | 1.2 |
| 28 | Fomal Problem | D- Jinoandra imaging | Bhayandar | 42 | 0.0 | 5.6 |
| 29 | Fracture | H-Ashirwad | Borivali | 83 | 11.0 | 1.6 |
| 30 | Gynec | D-Suburban Diag | Kandivali | 32 | 1.5 | 3.7 |
| 31 | Gynec | D-Dr. Manali S | Kandivali | 34 | 0.0 | 2.5 |
| 32 | Heart | H-Lilawati | M. Drive | 4 | 0.0 | 65.0 |
| 33 | Heart | H-Aastha Lifecare | Borivali | 83 | 0.0 | 52.7 |
| 34 | Heart | D-Kala Diag | Borivali | 82 | 13.0 | 6.5 |
| 35 | Heart | D-Arihant Lab | Borivali | 72 | 15.7 | 4.6 |
| 36 | Heart | D-Arihant Lab | Borivali | 72 | 0.0 | 3.4 |
| 37 | Heart | D-Dr. Pavekars Lab | Nalasopara | 77 | 7.0 | 4.7 |
| 38 | Heart | D-P D Hinduja Lab | Dahisar | 50 | 3.7 | 2.0 |
| 39 | Heart | H-Nulife Hosp | Patan | 56 | 3.0 | 46.5 |
| 40 | Hernia | H-Bay View clinic | Chowpatty | 67 | 0.0 | 41.0 |
| 41 | Hernia | D-Hithwardhak Kand | Kandivali | 83 | 13.0 | 6.1 |
| 42 | Hernia | H-Ami Surgical | Patan | 53 | 8.5 | 9.8 |
| 43 | Herpis | H- Conwest & Manjula | M. Drive | 73 | 0.0 | 2.3 |
| 44 | Hormones | D-Healthtech Kand | Goregoan | 38 | 0.0 | 21.5 |
| 45 | Infection | D-Suburban Diag | Goregoan | 18 | 0.0 | 3.0 |
| 46 | Kidney | H-Sanand Daniat | Andheri | 81 | 43.0 | 6.0 |

## Medicine 2015-16 (Rs '000)

| S No | Disease | Zone | Resi | Age | Sanc 14-15 | Sanc 15-16 |
|---|---|---|---|---|---|---|
| 1 | - | 1 | M. Drive | 90 | 12.1 | 3.7 |
| 2 | - | 7 | Patan | 58 | 10.0 | 16.0 |
| 3 | BP | 1 | Chowpaty | 56 | 0.0 | 2.6 |
| 4 | BP | 1 | Pr Street | 74 | 0.0 | 1.5 |
| 5 | BP | 1 | Charni Rd. | 74 | 13.8 | 1.3 |
| 6 | BP | 1 | Gulalwadi | 63 | 0.0 | 1.0 |
| 7 | BP | 1 | Girgam | 76 | 4.4 | 1.0 |
| 8 | BP | 3 | Borivali | 82 | 19.2 | 8.0 |
| 9 | BP | 3 | Borivali | 83 | 2.4 | 5.9 |
| 10 | BP | 3 | Goregaon | 51 | 0.0 | 4.7 |
| 11 | BP | 3 | Goregaon | 67 | 27.0 | 3.8 |
| 12 | BP | 3 | Goregaon | 63 | 15.4 | 3.0 |
| 13 | BP | 3 | Goregaon | 72 | 4.0 | 1.5 |
| 14 | BP | 3 | Goregaon | 75 | 0.0 | 1.3 |
| 15 | BP | 3 | Kandivali | 56 | 3.3 | 1.3 |
| 16 | BP | 3 | Borivali | 79 | 0.0 | 1.1 |
| 17 | BP | 3 | Goregaon | 76 | 7.6 | 1.1 |
| 18 | BP | 3 | Goregaon | 58 | 11.7 | 0.9 |
| 19 | BP | 3 | Borivali | 79 | 12.8 | 0.9 |
| 20 | BP | 3 | Borivali | 79 | 0.0 | 0.9 |
| 21 | BP | 3 | Borivali | 67 | 0.0 | 0.8 |
| 22 | BP | 3 | Borivali | 83 | 3.5 | 0.7 |
| 23 | BP | 4 | Bhayander | 65 | 16.7 | 5.4 |
| 24 | BP | 7 | Ahmedabad | 73 | 0.0 | 3.1 |
| 25 | BP,Dia | 1 | Fort | 65 | 13.8 | 6.4 |
| 26 | BP,Dia | 3 | Goregaon | 79 | 0.0 | 4.4 |
| 27 | BP,Heart | 3 | Malad | 65 | 0.0 | 3.2 |
| 28 | BP,Heart | 5 | Ghatkopar | 64 | 18.7 | 1.6 |
| 29 | BP,Kidney | 6 | Shirpur | 73 | 8.8 | 8.8 |
| 30 | Brain | 5 | Kalyan | 77 | 0.0 | 8.0 |
| 31 | Cancer | 7 | Patan | 68 | 3.7 | 6.0 |
| 32 | Diabetes | 1 | Fort | 65 | 4.7 | 2.6 |
| 33 | Diabetes | 1 | Fort | 84 | 4.7 | 1.4 |
| 34 | Diabetes | 1 | Pr Street | 74 | 0.0 | 1.1 |
| 35 | Diabetes | 2 | Andheri | 56 | 23.3 | 6.9 |
| 36 | Diabetes | 3 | Borivali | 69 | 28.2 | 8.8 |
| 37 | Diabetes | 3 | Goregaon | 49 | 6.8 | 2.0 |
| 38 | Diabetes | 3 | Goregaon | 75 | 13.1 | 1.5 |
| 39 | Diabetes | 3 | Goregaon | 51 | 11.3 | 1.4 |
| 40 | Diabetes | 3 | Goregaon | 75 | 7.9 | 1.3 |
| 41 | Diabetes | 3 | Goregaon | 60 | 0.0 | 0.9 |
| 42 | Diabetes | 3 | Goregaon | 60 | 0.0 | 0.7 |
| 43 | Diabetes | 3 | Goregaon | 79 | 11.6 | 0.5 |

# Medical Reliefs in Apr, May & Jun 2015

## Get-Together of Doctors

Medical Committee is pleased to announce a Get-together of **Patan Doctors at Bombay Hospital at New Marine Lines on Sunday, 1st November.** All Patan Doctors are cordially invited to attend this important get-together with lunch.

Doctors are aware that the **Patan Jain Mandal has been pro-active in providing good health care for our people.** In fact the Medical Reliefs account for the largest share of our budget. Active association and collaboration of Patan Jain Mandal and the Doctors will help us serve the Society Members for their better Health Care. We can also plan Medical Camps.

We wish to have an **E-Directory of Doctors and paramedics.** This Form was printed on page 22 of July Pratibimb. All Doctors are requested to fill up the Form at the earliest so that better Networking can be done amongst themselves and within the Society.

❑ **Medical Committee**

### Medical Relief (Sahay) Analysis (Rs '000)

| S No | Disease | Institution | Resi | Age | Sanc 14-15 | Sanc 15-16 |
|---|---|---|---|---|---|---|
| 47 | Kidney | D-Drupal Clinic | Navsari | 64 | 0.0 | 6.8 |
| 48 | Ladies | D-Anand Maternity | Dahisar | 24 | 0.0 | 26.0 |
| 49 | Liver | D-Sadbhav Diag | Kandivali | 49 | 0.0 | 1.4 |
| 50 | Lungs | H- Patel Nursing | Borivali | 72 | 55.0 | 28.3 |
| 51 | Ortho | D-Digital Imaging | Borivali | 83 | 0.0 | 2.9 |
| 52 | Ostroporisis | D-Dr. Bharat Rajkotia | Bhayander | 54 | 0.0 | 6.0 |
| 53 | Paralysis | H-saifee Hos | Borivali | 54 | 0.0 | 0.0 |
| 54 | Paralysis | H-B Y L Charitable | Bhayandar | 55 | 0.0 | 3.0 |
| 55 | Parkinson | D-N N Reliance | Tardeo | 49 | 28.0 | 6.2 |
| 56 | Physio | D-Nanawati Centre | Borivali | 60 | 0.0 | 6.9 |
| 57 | Physio | D-Dr. Kinjal Gandhi | Bhayander | 54 | 0.0 | 18.9 |
| 58 | Report | D-Bhide Lab | Charni Rd. | 10 | 0.0 | 2.3 |
| 59 | Sinus | D-Pnmatiya Clinic | M. Drive | 23 | 6.5 | 2.8 |
| 60 | Specs | D-Bombay optics | Goregaon | 45 | 4.3 | 2.0 |
| 61 | Specs | D-Vaishali Optics | Vasai | 51 | 1.5 | 1.0 |
| 62 | Teeth | H-St. Mother teresa | Kandivali | 34 | 7.7 | 7.0 |
| 63 | Urine,Eye | D-N M Medical | Borivali | 58 | 0.0 | 4.6 |
| 64 | Uterus | H-Vinayak Maternity | Kandivali | 63 | 0.0 | 34.9 |
| 65 | | D-Radhika Path | Khetvadi | 84 | 49.2 | 6.4 |
| 66 | Others | | | | 3041 | 0.0 |
| | | | | | 3609 | 1061 |

### Medicine 2015-16 (Rs '000)

| S No | Disease | Zone | Resi | Age | Sanc 14-15 | Sanc 15-16 |
|---|---|---|---|---|---|---|
| 44 | Diabetes | 4 | Bhayander | 52 | 0.0 | 3.8 |
| 45 | Diabetes | 4 | Bhayander | 65 | 0.0 | 1.2 |
| 46 | Diabetes | 4 | Bhayander | 65 | 0.0 | 1.0 |
| 47 | Diabetes | 7 | Patan | 53 | 0.0 | 4.2 |
| 48 | Eye | 7 | Vadodara | 68 | 3.6 | 1.8 |
| 49 | Fit | 6 | Shirpur | 42 | 5.6 | 4.5 |
| 50 | Fracture | 1 | M. Drive | 75 | 3.0 | 2.0 |
| 51 | Fracture | 3 | Borivali | 85 | 0.0 | 1.1 |
| 52 | Heart | 1 | C.P.Tank | 68 | 12.5 | 4.0 |
| 53 | Heart | 1 | C.P.Tank | 68 | 0.0 | 3.6 |
| 54 | Heart | 1 | Charni Rd. | 73 | 4.8 | 2.9 |
| 55 | Heart | 1 | C.P.Tank | 68 | 0.0 | 2.8 |
| 56 | Heart | 3 | Kandivali | 84 | 2.9 | 3.6 |
| 57 | Heart | 3 | Malad | 65 | 0.0 | 3.2 |
| 58 | Heart | 3 | Malad | 65 | 5.3 | 2.9 |
| 59 | Heart | 3 | Borivali | 70 | 0.0 | 2.3 |
| 60 | Heart | 3 | Malad | 65 | 2.6 | 2.0 |
| 61 | Heart | 3 | Goregaon | 78 | 0.0 | 1.4 |
| 62 | Heart | 3 | Kandivali | 60 | 8.1 | 1.3 |
| 63 | Heart | 3 | Malad | 56 | 25.3 | 1.2 |
| 64 | Heart | 3 | Borivali | 67 | 0.0 | 0.7 |
| 65 | Heart | 3 | Borivali | 82 | 6.2 | 0.1 |
| 66 | Heart | 4 | Bhayander | 75 | 6.7 | 3.5 |
| 67 | Heart | 4 | Nalasopara | 77 | 27.9 | 3.0 |
| 68 | Heart | 4 | Mira Rd | 55 | 3.2 | 2.7 |
| 69 | Heart | 4 | Nalasopara | 81 | 5.6 | 1.4 |
| 70 | Heart | 4 | Bhayander | 65 | 12.8 | 1.0 |
| 71 | Heart | 5 | Ghatkopar | 64 | 0.0 | 2.1 |
| 72 | Heart | 5 | Ghatkopar | 64 | 0.0 | 2.1 |
| 73 | Heart | 7 | Surat | 78 | 0.0 | 5.7 |
| 74 | Heart | 7 | Surat | 58 | 0.0 | 3.1 |
| 75 | Heart | 7 | Surat | 58 | 0 | 1.82 |
| 76 | Heart | 7 | Surat | 58 | 5 | 1.65 |
| 77 | Kidney | 3 | Borivali | 43 | 12 | 4.45 |
| 78 | Leprosy | 3 | Borivali | 45 | 45 | 3.78 |
| 79 | Paralysis | 7 | Patan | 57 | 3 | 2.67 |
| 80 | Skin | 1 | M. Drive | 83 | 10.81 | 0.9 |
| 81 | Skin | 1 | M. Drive | 83 | 10.81 | 0.7 |
| 82 | Skin | 1 | M. Drive | 83 | 0 | 0.66 |
| 83 | | 3 | Kandivali | 34 | 0 | 1.3 |
| 84 | Others | | | | 207 | |
| | | | | | 749 | 233 |

# જીવન સૌરભના તા. ૧૨-૭-૨૦૧૫ના કાર્યક્રમમાં

# કલિકાલ સર્વજ્ઞ પ.પૂ. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજસાહેબ વિશે

## શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહે આપેલ વક્તવ્ય..

કલિકાલસર્વજ્ઞ જેમને પરમાત્મા પ્રત્યે અત્યંત પ્રીતિ, ભક્તિ, સમર્પણ અને શ્રદ્ધા હતા તેવા શ્રી કલિકાલસર્વજ્ઞની સ્મૃતિમાં આજે આપણે સૌ તેમનો ઈતિહાસ વાગોળવા ઉપસ્થિત થયા છીએ.

How for I will succeed? I don't know પણ આજે એક નાનકડો પ્રયત્ન કરવાનો છે.

**કલિકાલ સર્વજ્ઞનો** જન્મ વિ.સં. ૧૧૪૫માં આજથી લગભગ ૯૦૦ વર્ષ પૂર્વે ધંધુકામાં કારતક સુદ ૧૫ના દિવસે મોઢ વણિક જ્ઞાતિમાં થયો હતો. માતાનું નામ હતું **પાહિનીદેવી** અને પિતાનું નામ હતુ **ચાચિંગ.** દેવ દિવાળી જેવા દિવસે પુત્રનો જન્મ થયો તેથી માતાપિતાએ તેમનું નામ **ચાંગદેવ** પાડ્યું. ચાંગ એટલે સુંદર આ પાહિનીદેવી અને ચાચિંગના પુત્ર તે જ કલિકાલસર્વજ્ઞ ગુજરાતના મૂર્ધન્ય પ્રભાવશાળી વિદ્વાન હેમચંદ્રાચાર્ય તરીકે પ્રસિદ્ધ થયા.

ચાંગદેવ નાનપણથી જ ચાલાક હતા. તેમની ચપળ આંખો, નમણું નાક અને ભવ્ય લલાટ જોઈને સૌ તેમના ઉજ્જવળ ભાવીની વાતો કરતા હતા.

એક વખત **દેવચંદ્રસૂરિશ્વરજી મ.સા.** નામના એક મહાન જૈનાચાર્ય ધંધુકા પધાર્યા તેઓ ભારે જ્ઞાની અને ભાવિના જાણકાર હતા. તેમની નજરે આ તેજસ્વી ચાંગદેવ પડ્યો. આ જૈનાચાર્ય બાળકની ભવ્ય આકૃતિ અને ઉચ્ચ લક્ષણો જોઈ વિચારવા લાગ્યા : જો આ બાળક ક્ષત્રિય હશે તો જરૂર ચક્રવર્તી થશે. જો આ બાળક બ્રાહ્મણ હશે તો જરૂર ચક્રવર્તીને આજ્ઞામાં રાખી શકે તેવો પ્રધાન થશે અને જો એ સાધુ થશે તો મહાન પ્રભાવક થશે, અહિંસા ફેલાવી જગતનું કલ્યાણ કરશે.

આવું વિચારી આચાર્ય ભગવંત ચાચિંગ શેઠના ઘરે પધાર્યા. ચાચિંગ શેઠ તો બહારગામ ગયા હતા. પણ તેમના પત્ની પાહિનીદેવી ત્યાં હતા. આચાર્ય ભગવંતને ઘરે પધારેલા જોઈ પાહિનીદેવી ગદ્‌ગદ થઈ ગયા. મુનિશ્રીને પગે લાગીને કહે આ બધુ આપનું જ છે! ગુરુદેવ! આપને જે ચીજની જરૂર હોય તેની માંગણી કરો.

આચાર્યએ કહ્યુઃ મારે બીજું કાંઈ જોઈતું નથી, માત્ર એક આ તમારો પુત્ર રત્ન જોઈએ છે. ભવિષ્યમાં એ મહાન આચાર્ય થઈ જૈન અહિંસા ધર્મનો ઉદ્ધાર કરશે.

માતા પણ આને પોતાનું સદ્‌ભાગ્ય માની પુત્રને આપવા તૈયાર થઈ પણ પિતા ચાચિંગ બહારગામ હોવાથી તેમની રાહ જોવાનું કીધુ. પણ અન્ય વેપારીઓએ પાહિનીદેવીને સમજાવીને જ્યાં સુધી ચાચિંગ શેઠ રજા નહીં આપે ત્યાં સુધી આચાર્ય ભગવંત દીક્ષા નહીં આપે. પણ અત્યારે તમે રાજીખુશીથી ગુરુએ માંગેલી ભિક્ષા આપો.

ચાચિંગ શેઠ બહારગામથી આવતા જ ખબર પડી કે પુત્રનું દાન કરી દીધું છે, તેથી તેઓ પાહિનીદેવી ઉપર ખૂબ જ ગુસ્સે થયા અને ઉપાશ્રયે ગયા અને ત્યાં લોકોએ કહ્યું કે તમારી પત્નીએ સ્વ હસ્તે જ ચાંગદેવનું દાન કર્યુ છે અને આપેલું દાન પાછું ના લેવાય તેવું શાસ્ત્રવચન છે. તમારો ચાંગ તો આખા જગતનો ઉદ્ધાર કરશે. ગુરુદેવના કહેવા પ્રમાણે તેનું ભાવિ ઉજ્જવળ છે.

આવું સાંભળી ચાચિંગ શેઠ પીગળી ગયા અને ગુરુને સ્વહસ્તે જ પુત્ર ચાંગદેવને અર્પણ કર્યો. ગુરુએ ધામધૂમપૂર્વક ચાંગદેવને દીક્ષા આપી અને તે બન્યા મુનિ સોમચંદ્ર.

ખૂબ જ બુદ્ધિશાળી અને તેજસ્વી હોવાથી આ સોમચંદ્ર મુનિ સઘળા શાસ્ત્રોમાં પ્રવિણ થયા અને છએ દર્શનનો તેમણે અભ્યાસ કર્યો. તે ઉપરાંત સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં પણ ઘણી નિપુણતા મેળવી.

દીક્ષા લીધા પછી તેમનું ફોકસ એકલવ્ય જેવું થઈ ગયું. અને તેઓ ૨૧ વર્ષની ઉંમરે વિ.સ. ૧૧૬૬માં વૈશાખ સુદ - ૩ના દિવસે ખંભાતમાં પ્રખર વિદ્વત્તાવાળા શ્વેતાંબર જૈન સંપ્રદાયના અગ્રગણ્ય સાધુ બન્યા.

તેઓ સોમચંદ્રમાંથી હેમચંદ્ર કેવી રીતે બન્યા તેની પાછળ એક દંતકથા છે.

એક વખત મુનિ સોમચંદ્ર બીજા એક બાળમુનિ સાથે ધનદ શેઠના ઘરે ગોચરી લેવા ગયા. સોમચંદ્ર મુનિએ પૂછ્યું કે આ શેઠના પ્રાંગણામાં સોનાના ઢગલા હોવા છતાં તે દરિદ્રની જેમ કેમ જીવે છે ? **આ વાત સાંભળી ધનદ શેઠે સોમચંદ્ર મુનિને કોલસાના ઢગલા ઉપર બેસવા વિનંતી કરી અને મુનિ બેઠા, કે તરત જ તે કોલસાનો ઢગલો સોનાના ઢગલા તરીકે દેખાવા લાગ્યો અને ત્યારથી તેઓ સોમચંદ્રમાંથી હેમચંદ્ર બન્યા.**

જ્યારે તેઓ ખંભાતમાં ૨૧ વર્ષની વયે આચાર્યપદથી અલંકૃત થયા ત્યારે તેમની માતા પાહિનીદેવીએ પણ દીક્ષા લીધી. **તે વખતે માતાને સાડા ત્રણ કરોડ શ્લોકનું નવનિર્માણનું વાગ્દાનું આપ્યું અને માતાની સમાધિ ટકી રહે તે માટે ૧ કરોડ નવકાર ગણ્યા.**

આવા હેમચંદ્રાચાર્ય વિશ્વની મહાન વિભૂતિઓમાં એક અનેરૂ સ્થાન ધરાવે છે. વિશ્વની એક વિરલ વિરાટ વિભૂતિ છે. તર્ક શાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, વ્યાકરણ, શબ્દાનુશાસન, કાવ્યનું શાસન, છંદાનુશાસન, ત્રિશષ્ટિશલાકા પુરુષ ચરિત્ર, અભિધાન - ચિંતામણી, યોગશાસ્ત્ર, વીતરાગ સ્તોત્ર, પ્રમાણ-મિમાસા - એવા

અનેક શાસ્ત્રોની તેમના જીવનકાળ દરમ્યાન રચના કરી. **તેમની સ્મરણ શક્તિ તીવ્ર હતી. ૧ લીંબુ ઉપર ઉછાળીએ અને તે નીચે આવે તેટલી વારમાં તેઓ ૭ નવા શ્લોકની રચના કરી શકતા હતા.**

વિશ્વના વિદ્વાનોએ તેમને સાહિત્ય શિરોમણી તરીકે નવાજ્યા હતા. તેઓ **Ocean of Knowledge** હતા તેમ ડૉ. પીટરશનનું કહેવુ હતું. હતા, જ્ઞાનનો મહાસાગર હતા. સાગર જેવું ગંભીર અને ઉંડાણવાળુ તત્વ ચિંતન ધરાવતા હતા.

પંડિત બેચરદાસ દોશી તેમના અગાધ પાંડિત્યપૂર્ણ વ્યક્તિત્વને 'જીવંત શબ્દકોશ' કહીને અંજલિ આપે છે. He was like a live Encyclopedia and walking - talking library.

કનૈયાલાલ મુનશી તેમને ગુજરાતની અસ્મિતાનો પાયો નાખનાર જ્યોતિર્ધર તરીકે ઓળખાવે છે.

છેવટે કલિકાલસર્વજ્ઞ કહીને આ ૧ વિશેષણમાં બધાજ વિશેષણોનો સમાવેશ કરી શકાય તેમ છે. તેમના વિશિષ્ટ વ્યક્તિત્વને કારણે ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસના આ સુવર્ણયુગને 'હેમયુગ' ગણવામાં આવે છે. તેમનું પ્રાકૃત વ્યાકરણ પણ અદ્‌ભુત કોટિનું હતું. આમ ગુજરાતની લૂખીસૂકી ભૂમિ ઉપર હેમચંદ્રાચાર્યે સરસ્વતીનો ધોધ વહેવડાવ્યો.

વિશ્વના સાહિત્યકારોમાં સાહિત્યકાર તરીકે તેમનું સ્થાન ઘણું ઉચું છે. કારણ કે જગતમાં એક પણ સાહિત્યકાર એવો પાક્યો નથી કે જેણે આટલા બધા વિષયોમાં ઉત્કૃષ્ટ કક્ષાના ગ્રંથો લખ્યા હોય!

જૈન સંપ્રદાયના આચાર્યોમાં હેમચંદ્રાચાર્ય એક આગવુ, અનોખુ, અગ્રણીય, અદ્વિતીય, અનુપમ, અજોડ અને અવિસ્મરણીય સ્થાન ધરાવે છે.

ગુજરાતની સંસ્કૃતિનું ઘડતર જેવું તેમણે કર્યું છે તેવું અન્ય કોઈ આચાર્યે કર્યુ નથી. જૈન શાસનમાં અનેક આચાર્યો થઈ ગયા જેવા કે **હરિભદ્રસૂરિ મ.શા.** ૧૪૪૪ ગ્રંથના રચયિતા, ઉપરાંત યોગબિંદુ, યોગવીંશિકા, યોગશતક, યોગદષ્ટિ સમુચ્ચય જેવા યોગના ગ્રંથ પણ જેમણે રચ્યા હતા.

**હીરસૂરિશ્વરજી મ.સા. :** જેમણે ક્રૂર એવા અકબર જેવા મોગલ બાદશાહને આજથી લગભગ ૪૫૦ વર્ષ પહેલા પ્રતિબોધ્યો હતો.

સિદ્ધસેન દિવાકર સૂરિ, મહોપાધ્યાય યશોવિજયજી મ.સા. જેઓ ડભોઈમાં આજથી લગભગ ૪૫૦ વર્ષ પહેલા થઈ ગયા.

આ બધા આચાર્યો મહાસમર્થ હતા પણ કલિકાલસર્વજ્ઞની કક્ષામાં તેમને કલ્પી શકાતા નથી. **વિશ્વનો હજારો લાખો કે કરોડો વર્ષનો ઈતિહાસ વાગોળશો તોય કલિકાલસર્વજ્ઞ જેવી વિભૂતિ વિશ્વને ક્યારેય નહીં મળે.**

આમ તેમણે ગુજરાતમાં અદ્‌ભુત જ્ઞાનગંગા વહેવડાવી, ગુજરાતને અદ્‌ભુત જ્ઞાનામૃત પાયુ અને ગુજરાતને સદાચાર અને સુસંસ્કાર શીખવ્યા.

તેઓ માનવ તરીકે મહાન હતા. સાધુ તરીકે વધારે મહાન હતા પણ સંસ્કારદષ્ટા તરીકે સૌથી વધારે મહાન હતા.

પાટણને તેમણે પોતાની કર્મભૂમિ બનાવી હતી. પ્રબળ પ્રતાપી ગુર્જરેશ્વરો સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળ જેવાની પ્રીતિ અને ભક્તિ તેમણે તેમના જીવનકાળ દરમ્યાન પ્રાપ્ત કરી હતી.

સિદ્ધરાજ જયસિંહ સાથેનો સમાગમ અમુક અંશે વિદ્વતાનો અને અમુક અંશે ધાર્મિકતાનો હતો. સિદ્ધરાજ જયસિંહ યશોવર્માને હરાવીને ધારાનગરીનો ધ્વંસ કરીને તેનો અમૂલ્ય ભંડાર ભોજ વ્યાકરણ જ્યારે પાટણમાં લાવ્યા ત્યારે તેમણે પોતાની કીર્તિ અમર કરવા હેમચંદ્રાચાર્યને નવું વ્યાકરણ રચવાની પ્રેરણા આપી અને કહ્યું કે આ વ્યાકરણની રચના કરવાથી મને યશ મળશે અને તમને પ્રતિષ્ઠા. માટે વિશ્વના ઉપકાર માટે નવું વ્યાકરણ રચો. આ નવું વ્યાકરણ રચવા તેમણે કાશ્મીરથી ૮ વ્યાકરણ મંગાવ્યા અને તેની મદદથી એક નવું વ્યાકરણ રચ્યું. આ વ્યાકરણનું નામ આપ્યું **''સિદ્ધહેમ શબ્દાનુશાસન.''** સિદ્ધરાજની વિનંતીથી આ વ્યાકરણ રચાયુ હોવાથી પ્રથમ એનું નામ અને પછી પોતાનું નામ એમ નામાભિધાન કર્યું. આ વ્યાકરણના ૮ અધ્યાય છે અને તેની કુલ સૂત્ર સંખ્યા ૪૬૮૫ છે.

**કુમારપાળ અને સિદ્ધરાજ બન્ને શિવધર્મી હતા છતાં તેમને જૈન ધર્મી બનાવવાનો અગાધ પ્રયત્ન કર્યો હતો.** સિદ્ધરાજ જયસિંહ ઉપર તેમણે ખૂબ સારી લાગવગ જમાવી હતી અને કુમારપાળ તો જાણે તેમનું જ સર્જન હતા.

આમ આ બન્ને ગુર્જરેશ્વરોના ઉન્નત મસ્તકો તેમને ભક્તિથી નમ્યા હતા. જે સૂરિશ્વરના ચરણકમલોને આ બન્ને ગુર્જરેશ્વરોએ સુવર્ણકમલથી પૂજ્યા હતા. આમ બન્ને રાજવીઓના તેઓ પીઠબળ સમાન હતા.

**કુમારપાળ મિથ્યાત્વ અને અવિરતિના સકંજામાં ભીંસાયેલા હોવા છતાં કલિકાલસર્વજ્ઞએ પોતાની જ્ઞાન પ્રતિભા અને સંયમ શુદ્ધિના બળે પ્રબળ સામર્થ્યથી કુમારપાળને પતિતમાંથી પરમાર્હત્ બનાવ્યા હતા.**

કુમારપાળે કલિકાલસર્વજ્ઞની ધર્મવાણીને એવી જીવનમાં ઉતારી હતી કે તેમની પાસે જે ૧૧ લાખ ઘોડાઓ હતા આ બધા ઘોડાઓને કુણઘેર ગામમાં રાખતા અને તેમને રોજ જ ગાળેલુ પાણી પીવડાવતા અને તેમની પલાણ ઉપર ૧ પૂંજણી બાંધતા અને તેનાથી પૂજ્યા બાદ જ ઘોડેશ્વાર તેના ઉપર સવાર થઈ શકતો. આ હતો કલિકાલસર્વજ્ઞનો અદમ્ય પ્રભાવ.

કુમારપાળ પ્રબંધ નામના પુસ્તકમાં **દેવબોધિ મહારાજ સાહેબ** તેમના અગાધ જ્ઞાનથી પ્રભાવિત થઈને કલિકાલ સર્વજ્ઞનું બિરુદ આપ્યુ હતું. એટલે કે આવા હુંડા અવસર્પિણીના પડતા કાળમાં જેઓ સર્વજ્ઞ જેવા હતા.

હવે તેમના ગ્રંથોને Hight light કરવાના છે.

**ત્રિશષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર** નામનો ગ્રંથ જે કલિકાલસર્વજ્ઞ રચિત છે તે ૩૬૦૦૦થી વધુ શ્લોકોમાં સંસ્કૃત ભાષામાં લખાયેલ મહાકાવ્ય ગ્રંથ છે.

આ મહાન ગ્રંથની રચના વિ.સં. ૧૨૨૦ની સાલમાં કરી. તેમા ૬૩ શલાકા પુરુષોના ચરિત્રોનું વર્ણન આવે છે. ૨૪ તીર્થંકર ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ અને ૯ બળદેવ એમ મળી ૬૩ શલાકા પુરુષોના જીવન ચરિત્રોનું વર્ણન કરતો આ ગ્રંથ છે.

આ એક કથાનુંયોગનો ગ્રંથ છે તેમ છતાં તેમાં ચરણ-કરણાનુયોગ અને દ્રવ્યાનુયોગની પણ અનેક વાતો ગ્રંથકારે વણી લીધી છે. વાંચનારની જરા પણ રસ ક્ષતિ ન થાય તેની પૂરી કાળજી ગ્રંથકર્તાએ રાખી છે. શાંતરસથી શૃંગાર રસ સુધીના ૯ રસથી ભરપૂર આ ગ્રંથ સંસ્કૃત કથાગ્રંથોમાં સર્વશ્રેષ્ઠ ગણી શકાય તેવો છે. તેમની અગાધ કાવ્ય શક્તિ અને વ્યુત્પત્તિથી ભરેલો (evolution of a word) આ ગ્રંથ સંસ્કૃત સાહિત્યના ઈતિહાસમાં એક અનેરૂ અને આગવું સ્થાન ધરાવે છે. હેમચંદ્રાચાર્યનું કલિકાલસર્વજ્ઞ તરીકેનું બિરૂદ આ એક જ ગ્રંથ સિદ્ધ કરી શકવા માટે સમર્થ છે.

બીજો તેમનો પ્રસિદ્ધ ગ્રંથ છે **''અભિધાન ચિંતામણી''** જેની કુલ શ્લોક સંખ્યા ૧૫૪૧ છે.

તે ઉપરાંત યોગશાસ્ત્ર જેવા ગ્રંથ જે કુમારપાળ રાજાની આત્મશુદ્ધિ માટે રચ્યો હતો. તેના ૧૨ પ્રકાશ છે અને આત્માની ઉન્નતિ અને પ્રગતિ કરાવનાર આ ગ્રંથ છે. કલિકાલસર્વજ્ઞ માનવ જીવનનું અત્યંત મૂલ્યાંકન કરતા કહે છેઃ

૧૦ દ્રષ્ટાંતે દુર્લભ એવા માનવજન્મને પામીને તેમાં પાપ કરવું તે સોનાના પાત્રમાં મદિરાનું પાન કરવા તુલ્ય છે. કરોડો રત્ન આપવા છતાં. ખોવાયેલી આ મનુષ્યજીવનની પળ ક્યારેય પાછી મળી શકે નહીં.

So he valued human life so much. It is not for waste, but to invest.

વીતરાગસ્તોત્ર તેમણે કુમારપાળ રાજા માટે ખાસ રચ્યું હતું. કુમારપાળ રાજા પણ આ સ્તોત્રનો રોજ સ્વાધ્યાય કર્યા વિના મોઢામાં પાણી પણ મૂકતા ન હતા.

આ વીતરાગ સ્તોત્ર વિશે તો ઘણું ઘણું કહી શકાય, may be endless, but I will just say in brief.

આ વીતરાગ સ્તોત્રના ૨૦ પ્રકાશ છે, ૧૮૮ ગાથા છે.

કલિકાલસર્વજ્ઞનું ઉપાસ્ય તત્વ હતું આર્હન્ત્ય. તેની અચિંત્ય શક્તિનો અનુભવ તેઓએ વારંવાર કર્યો હતો. વીતરાગ સ્તોત્રની રચના કરતા પહેલા કહે છે.

ભૂતકાળમાં અનંતીવાર મે તીર્થંકર પરમાત્માના ગુણોની, સામર્થ્યની, અતિશયોની, પ્રાતિહાર્યોની, વીતરાગતાની અને સર્વજ્ઞતાની નિંદા કરી મારી જીભ ને અપવિત્ર કરી છે. તે જીભને પવિત્ર કરવા હું આ વીતરાગ સ્તોત્રની રચના કરું છું.

તેમને પ. ઉપર અત્યંત બહુમાન હતું. પ.ના શાસન ઉપર પણ તેમને અત્યંત બહુમાન હતું. પ. નું શાસન એટલે શું ?

તી.પ.નો વચનાતિશય + તેમાં ભળ્યો બીજ બુદ્ધિના ધણી એવા ગણધર ભ. નો તીવ્ર ક્ષયોપશમ = અને ઉદ્‌ભવ્યુ આ જિનશાસન.

પ. ની ગેરહાજરીમાં પ.નું શાસન જ આપણને તારનાર છે, આપણું એક આલંબન છે. પ. નું શાસન પણ એટલે જ ઉપકારી છે. જે શાસનના પ્રભાવથી આજે અમે આપને ઓળખી શકીએ છીએ. આજે પણ શાસન એટલું સમૃદ્ધ છે કે જે આપણામાં નિર્લેપતા અને આત્મ પરિણતિ પેદા કરી શકે તેમ છે ! જિનવર તારા શાસન જેવું કંઈ નહીં એવું કહી આવા વીતરાગ સ્તોત્રની રચના કરે છે.

આમ કલિકાલસર્વજ્ઞનો એ યુગ ગુજરાતના ઈતિહાસનો સુવર્ણયુગ છે. હરકોઈ દ્રષ્ટિએ એ કાળમાં ગુજરોની ઉન્નતિ અને પ્રગતિ જોવા મળે છે.

આમ કલિકાલસર્વજ્ઞ આખા જૈન શાસન ઉપર સદાય માટે છવાયેલા રહેશે. તેમના વિના જૈનશાસન અધૂરૂ છે.

તેમને અંજલિ આપતા કહે છેઃ

માનવ ઈતિહાસમાં આવી વિભૂતિઓ ક્યારેક જ આવે છે અને આવે છે ત્યારે તે સમયને ફેરવી નાખે છે, નવા મૂલ્યાંકનો રચે છે, નવું જીવન રચે છે. નવી શક્તિ જન્માવે છે, નવી દ્રષ્ટિ આપે છે.

such amazing personalities come rarely & when they come they change the times, give new values & new life style, give new spirit & new angle towards life.

આવો હતો કલિકાલસર્વજ્ઞનો દિવ્ય - નવ્ય અને ભવ્ય પ્રભાવ.

અને તાજેતરમાં ૨-૪-૨૦૦૩થી આપણી પાટણની ઉત્તર ગુજરાત યુનિવર્સીની સાથે શ્રી હેમચંદ્રાચાર્યનું નામ જોડી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી નામકરણ કર્યું તે અત્યંત આવકારદાયક પગલું છે. મુરબ્બી શ્રી પ્રતાપભાઈ ભોગીલાલ અને શ્રી અરવિંદભાઈ જીવાભાઈએ ગુજરાત ગવર્નમેન્ટમાં આ નામ પસાર કરાવવા માટે પ્રયત્નો કરેલા.

સિદ્ધરાજ અપુત્ર હતો. કોઈ દેવાત્માના કથનથી તેમના જાણવામાં આવ્યું કે મારી પછી મારી ગાદીએ કુમારપાળ રાજા તરીકે આવશે, પરંતુ કોઈ પૂર્વભવના ઘોર વિરોધને લઈને તેણે કુમારપાળને મારી નાખવાના પ્રયત્નો શરૂ કર્યા અને સિદ્ધરાજના અનેક પ્રયત્નો છતાં કુમારપાળ ગાદીએ આવવાના જ હતા તેથી સિદ્ધરાજનું કાર્ય પાર પડ્યું નહીં.

પરંતુ તે દરમ્યાન મારી નાખવાની બીકથી ભટકતા કુમારપાળને શ્રી હેમચંદ્રસૂરિએ જોયા અને સામુદ્રિક શાસ્ત્રના બળથી કે કોઈ વિદ્યાથી તેમણે તે પાટણના ભવિષ્યના રાજા થશે એમ જાણી અને તેનાથી જૈન શાસનની અતિવૃદ્ધિ થશે તેની ખાતરી થવાથી

કુમારપાળને એક સમયે બચાવ્યા. કુમારપાળ ગાદીએ આવ્યા અને પોતે કૃતજ્ઞ હતા તેથી હેમચંદ્રાચાર્ય પ્રત્યેનું તેમનું ઋણ ચૂકવ્યું.

જિનવર તારું શાસન આ જગમાં છે મહાન
એના સહારે મારે તરવો આ સંસાર
મને એ જ તારશે, ભવ પાર ઉતારશે
મઝધારથી નૈયા કાઠે ઉતારશે,
એવી મુજને શ્રદ્ધા છે, સાચી સાચી શ્રદ્ધા છે,
પાકે પાયે શ્રદ્ધા છે, દૃઢ એવી શ્રદ્ધા છે.
જિનવર...

**શબ્દ ૧ વધે... અને વાક્ય ફરી જાય**
**આંકડો ૧ વધે.. અને દાખલો ફરી જાય**
**પગલુ ૧ વધે... અને દિશા ફરી જાય**

કલિકાલ સર્વજ્ઞની સ્મૃતિ એક વધે અને
આખાય જીવન સૌરભનો માહોલ ફરી જાય
વંદન કરીએ ગુરુજી તમને ચરણે કોટી વાર..
વંદન કરતા નિશ્ચે હોવે આ ભવ બેડો પાર....
કલિકાલ સર્વજ્ઞને ચરણે કરીએ વંદન વાર હજાર
વંદન કરતા નિશ્ચે હોવે આ ભવ બેડો પાર...
અને સર્વજ્ઞ ના જતાં આખી સૃષ્ટિ ઉપર જાણે
અંધકાર છવાઈ ગયો...
બસ આપના ચાલ્યા જવાથી સૃષ્ટિ આ સૂની બની
સૂનુ ગગન સૂની ભૂમિ ચારે દિશા સૂની બની
સૂમસામ ગામોગામ દેશ નગર સૂના સૂના બન્યા
અંતર સૂના આંખો સૂની સહુ આત્મા સૂના બન્યા...
વિ.સં. ૧૨૨૯માં કલિકાલસર્વજ્ઞના જીવનનો સૂર્ય અસ્ત થયો
અને વિ.સં. ૧૨૩૦માં કુમારપાળ મહારાજ પણ મૃત્યુ પામ્યા.

આમ ગુજરાતના ઈતિહાસનો એ સુવર્ણયુગ છે હરકોઈ દ્રષ્ટિએ કાળમાં ગુર્જરોની ઉન્નતિ અને પ્રગતિ જોવા મળે છે.
આપણે સૌ તેમના ઋણી છીએ
તેમના વિના આ જૈન શાસન અધૂરુ છે.
આ જૈન શાસનનો ઈતિહાસ અધૂરો છે
તેમના માટે તો માત્ર આ જ કહી શકાય,
વંદન કરીએ...
આવો હતો તેમનો દિવ્ય ભવ્ય નવ્ય પ્રભાવ!
તેમને કોટી કોટી વંદના સાથે વિરમું છું.

## વિલાપ ગીત

(રાગઃ છોડ ગયે બાલમ, મુઝે અકેલા છોડ ગયે)

છોડ, ગયે, મહાવીર, મુઝે અકેલા છોડ ગયે,
છૂટ ગયા, યે સાથ, વીર પ્રભુકા છૂટ ગયા...
છોડ... ૧
પળ પળ સમરે, ક્ષણ ક્ષણ સમેરે, વીર પ્રભુનું ધ્યાન,
વીર પ્રભુજી નિર્વાણ પામે, (૨) પહોંચ્યાં મોક્ષને ધામ
છોડ... ૨
મોહ-માયાના બંધન તોડી, રાખી ન મમતા થોડી,
શાને કાજે, કરું હું મારું (૨) કોઈ નથી અહીં મારું...
છોડ... ૩
દિલમાં રાખી જરી ના મમતા, હૈયે રાખી સમતા,
એજ ક્ષણે ચમત્કાર થયો, ને પામ્યા કેવળજ્ઞાન,
ગૌતમ પામે કેવળ જ્ઞાન...
છોડ ... ૪

❑ **શ્રીમતી સુશીલાબેન કીર્તિલાલ શાહ**


## દાન માટે વિજ્ઞપ્તિ

**।। સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રાણ મોક્ષમાર્ગઃ।।**

સિદ્ધચક્રની પોળ, ખેતરવશી પાડા પાટણમાં પાટણના પનોતા પુત્ર રત્ન **પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનચંદ્રસૂરિ મ.સા. (ડહેલાવાળા)** સંસ્થાપિત પરમ પૂજ્ય આચાર્ય શ્રી ભુવનચંદ્રસૂરિશ્વરજી જૈન પાઠશાળા વિ.સં. ૧૯૯૩માં સ્થાપના થયેલ છે. પરમ પૂજ્ય આચાર્ય ભુવનચંદ્રસૂરિશ્વરજી જૈન જ્ઞાનમંદિર તરીકે પ્રખ્યાત છે. તેમાં સંસ્કૃત - પ્રાકૃત - કર્મસાહિત્યાદિ પુસ્તકો તેમજ પ્રતો ઉપલબ્ધ છે તેનો લાભ ચતુર્વિધસંઘ અભ્યાસાર્થે સારી રીતે કરે છે. પાઠશાળા અમારી સિદ્ધચક્રની પોળ તેમજ પીપળાશેરમાં પંચાસરા પાસે જૈન ભોજનશાળા, અતિથિ ભુવન પાસે આવેલ છે. તેમાં કલ્યાણમિત્રો પંડિતવર્યો દ્વારા ધાર્મિક અભ્યાસ તલસ્પર્શી કરાવવામાં આવે છે.

અર્થ, અધ્યાત્મવિષય, સારોદ્ધાર, પંચસૂત્ર, યોગશાસ્ત્ર, સંસ્કૃત - પ્રાકૃત, કાવ્ય, સ્તોત્રાદિ, ન્યાય, જૈન ન્યાય ઈત્યાદિનો સમાવેશ છે. આપશ્રીને નમ્ર વિનંતી કે આપના પરિવારમાં કોઈને પણ ઉપરના વિષયો ભણવાની ભાવના હોય તો પાટણ પધારી જ્ઞાનદાનનો લાભ અમને આપવા વિનંતી.

પાઠશાળામાં છેલ્લા ૧૫ વર્ષથી પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ બી. વાલાણી પૂ. સાધુ સાધ્વીજી મ.સા. તેમજ મુમુક્ષુઓને તલસ્પર્શી ધાર્મિક અભ્યાસ કરાવે છે, તથા બીજા પંડિતવર્ય શ્રી કૌશલભાઈ એ. શાહ પણ અધ્યયન કરાવે છે. પાઠશાળામાં નિયમિત દરરોજ આઠ કલાકનો અભ્યાસ કરાવાય છે.

**સદરહુ પાઠશાળાના વિશાળ ખર્ચને પહોંચી વળવા પર્યુષણ મહાપર્વના સપરમાં દિવસોએ પોતાના આત્મીય જનોની સ્મૃતિમાં આપ સર્વે દાતાઓને ઉમળકાભેર દાન આપી જ્ઞાનદાનનું મહાપુણ્ય પ્રાપ્ત કરવા હાર્દિક વિજ્ઞપ્તિ છે.**

**સ્થાનિક સંપર્કઃ** **શ્રી ભુવનચંદ્રસૂરિશ્વરજી જૈન તત્વજ્ઞાન પાઠશાળા, સિદ્ધચક્રની પોળ, બ્રાહ્મણ વાડો, પાટણ.**

**પાટણ : શ્રી રમણિકભાઈ ત્રિકમલાલ શાહ ૦૯૯૭૮૪૫૦૫૯૪**
**મુંબઈ : શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ ૯૩૨૨૨૨૯૪૧૧**

ADVT

# પાટણની ગૌરવ ગાથા – કુમારપાળ મહારાજા

ઉત્તર ગુજરાતના બનાસકાંઠે વહેતી સરસ્વતી નદીના કિનારે વસેલો જાજરમાન જાહોજલાલી ધરાવતી એક ઐતિહાસિક નગરી, આજે પણ તેની ભવ્ય અને દિવ્ય સંસ્કૃતિનો પાયો બુલંદ છે. આ નગરમાં અનેકાનેક પરમાત્માના જિનાલયોમાં સમી સાંજે, ગોધૂલીની વેળાએ ઝાલરોના નાદ રણકી રહ્યા છે. શિખરોની ધજાઓ આન, બાન, શાન સાથે નભોમંડળમાં લહેરાઈ રહે છે. કંઈક કેટલાય પવિત્ર પુણ્યશાળી પનોતા પુત્રોએ આ નગરમાંથી પ્રવજ્યાના પંથે પ્રયાણ કર્યું છે. માતા સરસ્વતી અને મા લક્ષ્મીજી ક્યારેય સાથે રહેતા નથી એવી લોકવાયકા છે. પણ ના! આ લોકવાયકા આ નગરી માટે અલગ રીતે વહે છે. અહીં લક્ષ્મીનંદનો અને સરસ્વતી પુત્રો સાથે જ રહે છે. કલા કારીગરી ક્ષેત્રે પણ આ નગરીનો જોટો જડે તેવો નથી. યાદ આવે છે ને ઐતિહાસિક રાણકીવાવ જેનું નામ સમગ્ર વિશ્વમાં ચર્ચાઈ રહ્યું છે. ફિલ્મ સ્ટાર અમિતાભ બચ્ચને બ્રાન્ડ એમ્બેસેડર બની પાટણની શાનને સુંદરતામાં અભિવૃદ્ધિ કરી છે. તો બીજી તરફ ગુજરાતી ગાયકો પોતાના ગીતોની યાદીમાં પાટણના પટોળાને યાદ કર્યા વગર રહી શકતા નથી. પાટણના પકવાનનો સ્વાદ જે ન કરે તે પટણી કહેવાય જ નહીં.

મારા વહાલાં વતનના પાટણના પ્રેમીઓ આ તો થોડીક સ્મૃતિઓના સથવારે આપણે ચાલી ગયા, પરંતુ આ લેખમાળાથી હવે શરૂ થશે. પ્રતિબિંબ દરેક અંકોમાં પ્રબુદ્ધ પાટણની પ્રભુતા, જેમાં આપણા સૌના પૂજનીય વંદનીય, ગુજરાતના મહાન જ્યોતિધર લોકોત્તર ચંદ્રમાની જેમ, શાશ્વત પ્રકાશધારી, સાડાત્રણ કરોડ શ્લોકોના રચયિતા, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી અને સમગ્ર ગુજરાત પંથકમાં અમારી પ્રર્વતનની ધજા ફેલાવનાર અઢાર દેશના **રાજા કુમારપાળ.** આ બન્ને મહાવિભૂતિઓએ પાટણનો એક જાજરમાન ઈતિહાસ વિશ્વના દેશોમાં ફેલાવ્યો છે. પાટણ જૈન શાસનની ગરિમાં અને ગૌરવ પ્રદાન કર્યા છે, તેમનું ઋણ ક્યારેય ચૂકવી નહીં શકાય, નત મસ્તકે તેમને વંદન કરીએ.

માતા જ્યારે પોતાના ગર્ભમાં બાળક સાથેનો સંબંધ જોડે છે અને એ સંબંધ એક નાળથી બંધાઈને જીવનના અંતિમ શ્વાસ સુધી સચવાઈ રહે છે. બસ! તે જ રીતે આપણા સૌનો સંબંધ પાટણની ભૂમિ, પાટણની માટી સાથેનો સચવાઈ રહેવો જોઈએ. આપણી નવી પેઢીને આ ભૂમિનો જાજરમાન સંપત્તિને સંસ્કૃતિનો વારસો જાળવી રાખવા કટિબદ્ધ બનાવવા પ્રયત્ન કરીએ.

આ છે કુમારપાળ રાજા

નિત્ય પ્રભાતે પરમાત્માની પૂજા કરતાં, પુષ્પ અર્પણ કરતાં જ સૌ પ્રથમ નામ શ્રી કુમારપાળનું જ લેવામાં આવે છે શા માટે ?...

**''પાંચ કોડીને ફુલડે, પામ્યા દેશ અઢાર**
**રાજા કુમારપાળનો, વર્ત્યો જય જય કાર.''**

એ સમયે પાટણમાં સોલંકી યુગ ચાલતો હતો. રાજા સિદ્ધરાજની ઉણપ વર્તાતી હતી, પરંતુ રાજાને કોઈ જ સંતાન યોગ નહોતો. સર્વજ્ઞ કલિકાલ હેમચંદ્રાચાર્ય પણ તે સમયે પાટણમાં જ હતા. રાજાએ ખૂબ જ ઉત્કંઠતાથી ગુરુદેવ પાસે આવીને વંદન કર્યા. વિનયપૂર્વક ગુરુની આજ્ઞા લઈને સ્થાન ગ્રહણ કરતાં પૂછ્યું; ''હે ગુરુદેવ મારા મૃત્યુ પછી ગુજરાતનો રાજા કોણ થશે ?'' સર્વજ્ઞ તો જ્ઞાનના અપ્રતિમ ભંડાર હતા. જ્ઞાનની લબ્ધિ તેઓશ્રીને વરેલી હતી અને અંબિકાદેવી પણ તેમના પર સદાય પ્રસન્ન રહેતા. ગુરુદેવને આ પ્રશ્નનો ઉત્તર ખબર હતો. તેમ છતાં ક્ષણિક પોતાના નેત્રો બંધ કરીને મા અંબિકાદેવીને સ્મરણ કરી તેમની પાસેથી જવાબ માંગ્યો. મા એ પણ કહ્યું; ''ત્રિભુવનપાળનો પુત્ર કુમારપાળ સિદ્ધરાજ પછી પોતાનું રાજ્ય સંભાળશે ત્યારે તેનું મન બદલાઈ ગયું.'' હેમચંદ્ર સૂરીજીને ખ્યાલ આવી ગયો હતો કે કુમારપાળ સિદ્ધરાજના મૃત્યુ પછી રાજા થશે એ વાત સિદ્ધરાજને જરાય નથી ગમી! અને એટલે એ ડંખીલો રાજા કુમારપાળને મારી નંખાવવા પ્રયત્ન કરશે એ જ સમયે સિદ્ધરાજે હવે પુત્રપ્રાપ્તિની ઈચ્છા પૂર્ણ નહીં થાય એમ સમજવાથી પોતાનું ધ્યાન કુમારપાળનો કાંટો કાઢી નાખવા વિચાર્યુ અને પોતાની રીતે કાર્ય આરંભ્યું.

ત્રિભુવન પાળ અને રાજા સિદ્ધરાજ બન્ને સગા કાકાના દીકરા ભાઈઓ હતા. બન્ને વચ્ચે અનન્ય પ્રેમ હતો અને બન્ને ભાઈઓ એકબીજાને ખૂબ માન આપતા. પરંતુ હવે સિદ્ધરાજનું મન બદલાવા માંડ્યું.

ત્રિભુવનપાળની પત્ની કાશ્મીરી દેવીના પેટમાં ઉત્તમ જીવ આવ્યો તે પછી તેના મનમાં સારી સારી ઈચ્છાઓ જાગવા લાગી નવ મહિના પૂર્ણ થતાં કાશ્મીરાદેવીએ એક સુંદર અને તંદુરસ્ત પુત્રને જન્મ આપ્યો. એ વખતે આકાશમાં દેવવાણી થઈ, આ બાળક વિશાળ રાજ્ય પ્રાપ્ત કરશે અને તેમાં ધર્મનું સામ્રાજ્ય સ્થાપિત કરશે. ત્રિભુવનપાળ શૈવ ધર્મ પાળતા. સમયના વહેતાં વહેણ સાથે વ્યવહારિક શિક્ષણ અને યુદ્ધકાળમાં કુમારપાળ નિષ્ણાંત બન્યો. યૌવન અવસ્થામાં આવતા ભોપળદેવી સાથે તેના લગ્ન થયા એ સમયે તેઓ દધિસ્થલીમાં રહેતાં હતા.

એકવાર ત્રિભુવનપાળની સાથે કુમારપાળ પણ પાટણ ગયા તેમણે હેમચંદ્રસૂરીજીની ખૂબ પ્રશંસા સાંભળી હતી. ઉપાશ્રયે પહોંચી, મસ્તક નમાવી ગુરુદેવને વંદન કરી, પોતાનો અલ્પ પરિચય

આપ્યો ગુરુદેવે 'ધર્મલાભ'નો આશીર્વાદ આપ્યો. કુમારપાળ તેમનાથી ખૂબ પ્રભાવિત થયો. તેના હૈયામાં હેમચંદ્રાચાર્ય માટે સાહજિક આકર્ષણ જાગ્યું. શ્રી હેમચંદ્રાચાર્યના ઉપદેશથી તે એ હદે પ્રભાવિત થયો કે પહેલી જ વખતના પરિચયમાં તેમની પાસે નિયમ લઈ લીધો.

જીવનમાં પરદારા સેવન કદાપિ નહીં કરું.

કુમારપાળે સૂરિજીને પૂછ્યું કે ભગવંત! મનુષ્ય કયા ગુણ વડે શોભે? શ્રી હેમચંદ્રાચાર્યે ફરમાવ્યું : સત્વ વડે કુમારપાળે આ જવાબને બરોબર યાદ રાખી લીધો જાણે તેને જીવનમંત્ર લાધ્યો. આચાર્ય દેવે કુમારપાળને ભાવિ જીવન અંગે નિર્દેષ આપ્યો અને કહ્યુંઃ ''જોજે કુમાર, તારા માથે દુઃખના ડુંગર તૂટી પડવાના છે ત્યારે હિંમત હારીશ નહીં અને તારા 'સત્વ'નો પરિચય કરાવજે.

કુમારપાળ ગુરુદેવના વચનો સાનમાં સમજી ગયો, માત્ર ચોવીસ વર્ષની ઉંમરે કુમારપાળ વેશપલટો કરી રાન-રાન રખડ્યો, મહાભારત અને રામાયણ વનવાસો કરતાં હજારો ગણો વધુ ભીષણ વનવાસ આ કુમારપાળે વેઠ્યો છે.

એમ કરતાં એક વખત તે ખંભાત આવી ચડ્યો શ્રી હેમચંદ્રાચાર્ય ખંભાતમાં છે તે જાણતા ઉપાશ્રયમાં ગુરુદેવને વંદન કરવા પહોંચી ગયો. કુમારપાળને વંદન કરી કહ્યું, ''હે આચાર્ય દેવ! આપ તો જ્ઞાની છો રાજાના ઘરમાં જન્મ લેવા છતાં હું વન-વન ભટકી રહ્યો છું. મને કહો કે આ અસહ્ય દુઃખનો અંત ક્યારે આવશે? મારા પ્રારબ્ધમાં સુખ છે કે નહીં?

આચાર્યદેવ ધ્યાનસ્થ બન્યા તેમને દેવી અંબિકાના શબ્દો યાદ આવ્યા કુમારપાળને કહ્યું, ''વત્સ! તને થોડા વખત પછી રાજ્ય મળશે! તું આ ગુજરાતનો રાજા બનીશ.'' કુમારપાળ આ જવાબ સાંભળી હસી પડ્યો... તેણે કહ્યું, જ્યાં એક ભિખારી કરતાંય મારી ખરાબ દશા છે, બે-ત્રણ દિવસ સુધી તો ખાવા અન્ન નથી મળતું એવો અભાગી હું રાજા ક્યાંથી બનવાનો?

ગુરુદેવે કહ્યું, કુમાર! તારી વાત પણ સાચી છે, પરંતુ મને તારું ભવિષ્ય ઘણું જ ઉજળું લાગે છે, એ સમયે મહામંત્રી ઉદયન ઉપાશ્રયમાં આવીને બેઠા.

કુમારપાળે ફરીથી એક પ્રશ્ન કર્યો, ''હે ગુરુદેવ! આપ મને કહી શકશો કે કયા વર્ષમાં, કયા મહિનામાં ને કઈ તિથીના દિવસે હું રાજા થઈશ?''

ગુરુદેવે આ માટેનું ભવિષ્યકથન પોતાના શિષ્ય પાસે બે કાગળમાં લખાવ્યું. એક કાગળ કુમારપાળને આપ્યો અને બીજો કાગળ મહામંત્રી ઉદયનને આપ્યો. તેમાં જણાવ્યું હતું કે વિ.સ. ૧૧૯૯, માગસર વદ ચોથના દિવસે કુમારપાળને રાજગાદી મળશે.

આચાર્યદેવે ઉદયન મંત્રીને બાજુમાં લઈ જઈ કુમારપાળની તકલીફ સમજાવી અને કહ્યું, આ ભવિષ્યનો રાજા છે તેની પ્રાણ રક્ષા કરવાની છે સિદ્ધરાજ તેને મારવા પ્રયત્નશીલ છે તેને તમારી હવેલીમાં કોઈને ખબર ન પડે તેમ રાખજો. ગુરુદેવની આજ્ઞા શિરે ચઢાવી મંત્રી કુમારપાળને પોતાને ત્યાં લઈ ગયા. ઘણા વખતે કુમારપાળે ભોજન કર્યું, સ્નાન કર્યુ અને ઘણા લાંબા સમયની ઉંઘ ખેંચી કાઢી.

સિદ્ધરાજ ખંભાતમાં આવી પહોંચ્યા છે તેની જાણ થતાં જ ઉદયન મંત્રીએ તેને ફરીથી ઉપાશ્રયમાં મૂકી આવ્યા. ત્યાં ગુરુદેવ ભોંયરામાં પુસ્તકોના ભંડાર પાછળ સંતાડી દીધા. સિદ્ધરાજ અને તેના સૈનિકો ત્યાંથી પાછા ફરતા કુમારપાળને ભોંયરામાંથી બહાર કાઢ્યો. કુમારપાળે ગુરુદેવનો અશ્રુભરી આંખોથી ઉપકાર માન્યો અને કહ્યું; ''આજથી હું તમારો દાસ છું'' શ્રી હેમચંદ્રાચાર્યે આશિષ વચનો આપતા કહ્યુ, રાજ્ય મળે ત્યારે જૈન ધર્મનો પ્રચાર કરજે. ભવિષ્યમાં અસંખ્ય જીવોની તું રક્ષા કરજે એટલે લાભાલાભનો વિચાર કરી આ ચાલકી વાપરી હતી. આ રીતે ત્રણ-ત્રણ વાર જુદા જુદા અવસરોએ કુમારપાળને ત્રણ-ત્રણ વાર તો શ્રી હેમચંદ્રાચાર્યે બચાવ્યો.

જે રીતે મહાવીર અને ગૌતમ, કૃષ્ણ અને અર્જુન, રામ અને હનુમાનની જોડી હતી તેવી જ રીતે સર્વજ્ઞ કલિકાલ હેમચંદ્રાચાર્ય અને કુમારપાળની જોડી બંધાઈ ગઈ હતી. વિ. સં. ૧૧૯૯ આવતાં કુમારપાળ પાટણ આવી પહોંચ્યા, તેમની બહેન પ્રેમલદેવીના ઘરે રહ્યા. બનેવી કૃષ્ણદેવે તેને યોગ્ય સન્માન સાથે સાચવ્યા. કુમારપાળના પાટણ આવ્યા બાદ સાતમાં દિવસે જ સિદ્ધરાજનું મૃત્યું થયું અને માગસર વદ ૪ના દિવસે સર્વાનુમતિથી કુમારપાળનો રાજ્યાભિષેક થયો આ સમાચાર ખંભાતમાં મળતા પૂ. ગુરુદેવ પણ વિહાર કરીને પાટણ આવ્યા. કુમારપાળે નમીને વંદના કરી અને ત્રણ-ત્રણ વખત પ્રાણ બચાવવા બદલ આખું રાજ્ય તમે સ્વીકારો એવો આગ્રહ હેમચંદ્રાચાર્યને કર્યો.

હેમચંદ્રાચાર્યે જૈન સાધુના આચાર સમજાવ્યા અને તું તારું આત્મકલ્યાણ કર, તે માટે જિનેશ્વર ભગવંતનો ધર્મ સ્વીકારવા કહ્યું. કુમારપાળે સંમતિ આપવા કહ્યુ, આપના સતત સાંનિધ્યમાં રહી હું કંઈક તત્વ પ્રાપ્તિ કરી શકીશ.

**રાજા કુમારપાળે ભગવાન સોમનાથનું કાષ્ટ મંદિરનો જિર્ણોદ્ધાર કરાવ્યો ને કામમાં કોઈ વિઘ્નો ન આવે અને કામ જલ્દી પૂરું થાય તે માટે શ્રી હેમચંદ્રાચાર્યે તેને બે પ્રતિજ્ઞા આપી વ્રત પાલન કરવા કહ્યું. માંસાહાર જીવન પર્યંત કરીશ નહીં અને મદિરાપાન (દારૂ) છોડી દેવાની પ્રતિજ્ઞા આપી.**

બે વર્ષના અંતે સોમનાથ મહાદેવનું મંદિર બંધાઈ જતાં કુમારપાળે તેમને દર્શને પધારવા વિનંતી કરી. ગુરુદેવની વિનંતીને

સ્વીકાર કરતાં કુમારપાળના રોમે રોમ રાજી થઈ ગયા. ગુરુદેવે બે હાથ જોડી, મસ્તક નમાવીને સ્તુતિ કરી.

''જેઓના રાગ-દ્વેષ નાશ પામી ગયા છે તેવા બ્રહ્મ હોય, વિષ્ણુ હોય કે મહાદેવ હોય, તેમને હું વંદના કરું છું.''

સ્તુતિ સાંભળી રાજા નાચી ઉઠ્યો ગુરુદેવે પૂછ્યું, ''એવો કયો ધર્મ છે અને એવા કયા દેવ છે કે જે મને મોક્ષ અપાવી શકે?'' ગુરુદેવ રાજાને હાથ પકડી ગર્ભદ્વારમાં લઈ ગયા અને કહ્યું ''જો હું તમને આ દેવના પ્રત્યક્ષ દર્શન કરાવું તે દેવ જેમ કહે તેમ તેની ઉપાસના તમારે કરવી.''

એમ કહીને ગુરુદેવે કુમારપાળને જણાવ્યું કે જ્યાં સુધી હવે શંકર ભગવાન પ્રગટ ન થાય ત્યાં સુધી તારે ધૂપદાનીમાં સુગંધી ધૂપ નાખ્યા કરવાનો અને ગુરુદેવે ગર્ભદ્વાર બંધ કર્યું. આચાર્ય શ્રી અને કુમારપાળ બંને અંદર છે. ધૂપના ગોટેગોટાથી આખો ગભારો ભરાઈ ગયો. ઘી ના દીવાઓ ઓલવાઈ ગયા ત્યાં ધીરે ધીરે ભગવાનના લિંગમાંથી પ્રકાશ ફરવા લાગ્યો અને એક દિવ્ય આકૃતિ પ્રગટ થઈ સુર્વણ જેવી ઉજ્જવળ કાયા, માથે જટા, જટામાંથી વહેતી ગંગા અને ઉપર ચંદ્રકળા, કુમારપાળ તો અવાચક બની ગયા. પોતાના હાથ ફેરવીને તપાસી લીધું કે, આ જ શંકર દેવતા છે અને જમીન ઉપર પોતાના પાંચ અંગ અડાડી પ્રણામ કર્યા અને પ્રાર્થના કરી.

''હે જગદીશ! આપના દર્શનથી હું પાવન થયો છુ મારા ઉપકારી ગુરુદેવના ધ્યાનથી આપે મને દર્શન દીધા છે. મારો આત્મા હર્ષથી ઉછળી રહ્યો છે.'' ભગવાન સોમનાથનો ગંભીર ધ્વનિ મંદિરમાં ગૂંજી ઉઠ્યો, કુમારપાળ મોટા અપાવનાર ધર્મ જો તું ઈચ્છતો હોય તો આ સાક્ષાત પરબ્રહ્મ જેવા સૂરીશ્વરની સેવા કર. સર્વ દેવોના અવતાર રૂપ, સર્વશાસ્ત્રોના પારગામી ત્રણે કાળના સ્વરૂપને જાણનારા એવા આ હેમચંદ્રસુરીજીની દરેક આજ્ઞાને પાળજો. તેથી તારી બધી મન કામના ફળીભૂત થશે.''

આટલું કહીને શંકર સ્વપ્નની જેમ અદૃશ્ય થઈ ગયા. કુમારપાળ તો હેમચંદ્રાચાર્યના ચરણોમાં પડી ગયો અને નાભિના નાદપૂર્વકની કબૂલાત કરી કે ગુરુદેવ! આજે આપના પ્રત્યેના મારા તમામ સંશયો ઓગળી ગયા છે જીવન પર્યંત માટે હવે આપ જ મારા ગુરુ છો! માર્ગ દાતા છો આપ કહો તે ધર્મ જ મારું સર્વસ્વ છે.

આ ઘટનાના સમાચાર આંધીની જેમ સર્વત્ર ફેલાયા. તેની જ સાથે શ્રી હેમચંદ્રાચાર્યની અને જૈન શાસનની યશોપતાકા પણ દિગંત સુધી લહેરાવા માંડી.

કુમારપાળને સમજાતું ન હતું કે મને ગુરુદેવ માટે કેમ આટલો બધો લગાવ છે? શું પૂર્વભવનો કોઈ ઋણાનુંબંધ અમારી વચ્ચે રહેલો હશે?

એકવાર રાજસભામાં શ્રી હેમચંદ્રચાર્યને પાંચ પ્રશ્નો કુમારપાળે પૂછ્યા?

૧. પૂર્વજન્મમાં મારી સ્થિતિ શું હતી?

૨. આવતા ભવમાં મને કઈ ગતી મળશે?

૩. સિદ્ધરાજે મને કેમ પારાવાર દુઃખ આપ્યું?

૪. આપના પ્રત્યે મને આટલો બધો સ્નેહ કેમ છે?

૫. ઉદયન મંત્રીને મારા પ્રત્યે પિતા જેવું વાત્સલ્ય કેમ છે?

ગુરુદેવે કહ્યુઃ કુમારપાળ! પુનર્જન્મ સંબંધી જવાબો તો અતીન્દ્રિય જ્ઞાનીઓ આપી શકે? કમ સે કમ તે માટે પૂર્વ સંબંધી શ્રુતજ્ઞાન જોઈએ મારી પાસે એવું અતિન્દ્રિય જ્ઞાન નથી કે વિશિષ્ટ શ્રુતજ્ઞાન પણ નથી માટે તારા આ પ્રશ્નોના સમાધાન શી રીતે આપી શકુ? તેમ છતાં શાસનદેવની મદદથી તારા પ્રશ્નોના જવાબ મેળવવાનો પ્રયાસ કરીશું.

શ્રી હેમચંદ્રાચાર્ય તે જ સાંજે પાટણથી વિહાર કર્યો અને કુંવારી સરસ્વતી નદીના નિર્જન કાંઠે સિદ્ધપુરમાં સૂરીદેવે પદ્માસન લગાવી સૂરિમંત્રના ધ્યાનમાં પરોવાઈ ગયા. ત્રીજી રાતે સૂરિમંત્રની બીજી બેઠિકાની અધિષ્ઠાયકદેવીએ ત્રિભુવન સ્વામિનીએ ગુરુદેવને પ્રત્યક્ષ દર્શન આપ્યા. તેમને કુમારપાળના પાંચ પ્રશ્નોના જવાબ આપ્યા અને ગુર્વાજ્ઞા લઈને તે અંતર્ધાન થઈ ગઈ. શ્રી હેમચંદ્રાચાર્યજીનું આંતરિક સત્વ વૃદ્ધિ પામ્યું. તેઓ પારણું કર્યા વિના જ પાછા પાટણ આવી પહોંચ્યા અને કુમારપાળને સંદેશો મોકલતા સમગ્ર મંત્રીમંડળ તથા પાટણની નગર પ્રજા ઉપાશ્રયમાં આવી બેસી ગયા.

કુમારપાળને ગુરુદેવ પાસેથી પોતાનો પૂર્વજન્મ અને પુનર્જન્મ જાણવા મળ્યો.

**મેવાડના રાજા જયકેશીનો પુત્ર જયતાક ઉદંડ અને ઉચ્છંખલ થઈને પ્રજાનું પીડન કરતો હતો એટલે પિતાએ દેશનિકાલ કર્યો. સમય જતાં દુઃખી અને ત્રસ્ત થયેલ જયતાકને જૈનાચાર્ય શ્રી યશોભદ્ર સૂરિજીનો ભેટો થયો, ગુરુએ તેને પ્રાયશ્ચિત કરવા કહ્યું અને જયતાકે શ્રી યશોભદ્રસૂરિજીનું શરણું લીધું. તે સૂરિજીની સાથે ચાલ્યો હવે નવું જીવન, નવો પ્રકાશ, પૂર્વ અવસ્થાના અંધકારને ક્યાંય પાછળ છોડીને તે આગળ ચાલ્યો.**

દક્ષિણ ભારતમાં તે લંગણા નામનો પ્રદેશ છે ત્યાં ઉલંગલ નામના નગરમાં ગુરુ પોતાના શિષ્યો અને જયતાકને સાથે લઈને પધાર્યા ઓઢર નામના જૈન શ્રેષ્ઠીના ઘરે જયતાકને નોકરી અપાવી. તે ખૂબ નૈતિકતાપૂર્વકનું જીવન જીવવા લાગ્યો. ઓઢર શેઠે ગુરુભગવંતના ઉપદેશથી શ્રી પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય બંધાવ્યું. જયતાક શેઠની સાથે રોજ જિનમંદિરે જવા લાગ્યો અને

ઓઢર શેઠની ધર્મક્રિયા જોતો.

એકવાર પર્યુષણના દિવસો આવ્યા શેઠે જયતાકને પણ પોતાની સાથે પૂજા કરવા આવવાનું કહ્યું તે નાચી ઉઠ્યો શેઠે આપેલા પૂજાના વસ્ત્રો પહેરી, શેઠે આપેલી પૂજાની સામગ્રી સાથે લઈને જિનમંદિરે પહોંચ્યો તે સમયે જયતાક પાસે માત્ર પાંચ કોડીની બચત હતી. તેણે ઓઢર શેઠ પાસે પોતાની ઈચ્છા વ્યક્ત કરતાં કહ્યું. ''માલિક, તમારા પૈસાથી લાવેલી સામગ્રીથી પૂજા કરું તો મને શો લાભ ? મારા પૈસાથી અલ્પ પણ સામગ્રી ખરીદું અને તેનાથી પૂજા કરું તો મને લાભ મળી શકે. જયતાકની ઈચ્છાને બિરદાવી મંજૂરી આપી.

જયતાકે પાંચ કોડી વડે ૧૮ ફૂલ ખરીદ્યા અને તેનાથી અરિહંતની પૂજા કરી, વળી શેઠની સાથે પર્યુષણમાં ઉપવાસ પણ કર્યા. પારણામાં વધુ ઘી-દૂધવાળો જે આહાર કર્યો તે પચ્યો નહીં, તેની વેદનાથી તે મૃત્યુ પામ્યો. પણ મૃત્યુ સમયે પોતે કરેલો જિનપૂજાની અનુમોદના કરતો રહ્યો.

તે જયતાક મૃત્યુ પામીને ત્રિભુવનપાળનો પુત્ર થયો અને કુમારપાળના નામે આજે રાજ્ય કરે છે. અઢાર ફૂલથી જિનપૂજા કરી, તેના ફળરૂપે તમને અઢાર દેશ મળ્યા.

જયતાકના ભવમાં જે વર્ષો સુધી લૂંટ-ફાટ કરી તેથી ૨૫ વર્ષ સુધી તમારે વનવાસ સહન કરવો પડ્યો.

ધનદત્ત તાપસી જયતાકનો શિકાર બન્યો હતો. મનમાં વેર ને બદલાના ભાવ સાથે દીક્ષા પાળીને મૃત્યુ પામ્યો અને અહીં સિદ્ધરાજ થયો. પૂર્વભવનું વેર હતું. તેથી તેણે અહીં પણ તમને સતાવવામાં કચાશ ન છોડી.

ઓઢર શેઠ એજ ઉદયન મંત્રી તમારા પૂર્વભવના ગુરુ યશોભદ્રસુરિજી એજ કાળધર્મ પામીને હું હેમચંદ્રસૂરિ બન્યો છું.

કુમારપાળ! તમે અહીંથી મૃત્યુ પામીને વ્યંતરયોનિમાં દેવ બનશો અને ત્યાંથી બહાર નીકળી આ જ ભરતક્ષેત્રમાં ભદિલપુર નગરમાં જન્મ લેશો. શનાનંદ રાજાના શતબળ નામે પુત્ર થશો. તેમજ તેજ ભવમાં આવતી ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનામ પ્રભુ પાસે દીક્ષા લઈ તેમના ગણધર બનશો.

આ વૃતાંત સાંભળીને રાજા ગુરુદેવના ચરણોમાં ઝૂકી પડ્યો. તેની આંખો ભીની થઈ ગઈ. ગુરુદેવે વાતને આગળ વધારતા કહ્યુ, ઉલંગલ શહેરમાં આજે પણ પેલા ઓઢર શેઠનું ઘર છે અને તેમાં વૃદ્ધ દાસી જીવે છે તેની પૂછતાછ કરાવો તો તમને મારા કથનની સાબિતી મળી જશે.

કુમારપાળે તરત જ જાસૂસોને દોડાવ્યા તેમણે ઉલંગલમાં તપાસ કરી તો ગુરુદેવે કહેલી તમામ વિગત સાચી પૂરવાઈ થઈ.

રાજા કુમારપાળ આ ઘટનાથી એટલો બધો પ્રભાવિત થયો કે તેણે શ્રી હેમચંદ્રાચાર્યને **'કલિકાલ સર્વજ્ઞ'** તરીકે ઉદ્દ્ઘોષિત કર્યા. ગુરુદેવે પૂર્વજન્મ - વર્તમાન અને પુનર્જન્મ - સર્વજ્ઞની જેમ કહી બતાવ્યા. ત્યારથી અને તે જ સમયથી શ્રી હેમચંદ્રાચાર્ય 'શ્રી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય' તરીકે ખ્યાતિ પામ્યા...

અપૂર્ણ.....

મિત્રો! આવા તો બીજા અનેક પ્રસંગો કુમારપાળના છે અને તેમનું ઉચ્ચ કોટિનું જીવનચારિત્ર છે. આવતા અંકમાં જો સ્થાન મળશે તો જરૂરથી પ્રસિદ્ધ કરવામાં આવશે. આપ સૌને આ લેખમાળા શરૂ કરી છે તે જો ગમી હોય તો જરૂર આપનો અભિપ્રાય આપશોજી.

❑ **સંકલન : શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**


**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ ● ફોન:(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

**સંપર્ક :** નિખિલભાઈ રવિન્દ્રભાઈ શાહ : C/o પારકો એન્જિનિયરીંગ કોર્પોરેશન, ૪૯૭, એસ.વી.પી. રોડ, રૂપરાજ બિલ્ડીંગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪. ૯૩૨૨૨૨૭૬૪૩

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા !
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

● સૌજન્ય : શ્રી જે. કે. શાહ●

**પશુ-પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | દૈનિક લાપસી | રૂા. ૨૧૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧૦૦૦ | દૈનિક ઘાસચારો | રૂા. ૧૫૦૦૦ |
| લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧૦૦૦ | માસિક દવા ચિકિત્સા | રૂા.૧૧૦૦૦ |
| આધાર સ્થંભ | રૂા. ૩૧૦૦૦ | કાયમી ઘાસ ફંડ | રૂા.૧૧૦૦૦ |
| | | કાયમી પક્ષી ચણ | રૂા.૫૦૦૦ |

**લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે**

**લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે**

advt

# PATAN CO-OPERATIVE BANK LTD.

RASIK NIWAS, PATAN JAIN MANDAL MARG,
MARINE DRIVE, MUMBAI – 400 020.
TEL : 2281 5290/2281 7444/2281 9403 FAX : 2281 6513.
Email ID : patanbank@yahoo.co.in

## NOTICE TO MEMBERS

THE 34TH ANNUAL GENERAL MEETING OF THE MEMBERS OF **PATAN CO-OPERATIVE BANK LTD** WILL BE HELD ON **THURSDAY, 24th SEPTEMBER 2015 AT 3.00 P.M.** AT PATAN JAIN MANDAL HALL, PATAN JAIN MANDAL MARG,MARINE DRIVE, MUMBAI 400 020 FOR THE TRANSACTION OF THE FOLLOWING BUSINESS:

### AGENDA

1. To read and confirm minutes of the 33rd Annual Meeting held on 5th September 2014;
2. To consider and approve the following proposals :-
   i. Annual Report for the year 2014-15.
   ii. Profit and Loss account for the year ended on 31st March 2015;
   iii. Balance-sheet for the year ended on 31st March 2015;
3. To receive and adopt the report of Statutory Auditor – M/s. P.G.Ranade & Co. for the financial year 2014-15; alongwith notes to accounts.
4. To approve appropriations of net profit and declare dividend for the year ended 31st March 2015, as proposed by Board of Directors;
5. To approve the Annual Budget for the year 2015-16;
6. To appoint Internal/Concurrent Auditor and Statutory Auditor for the year 2015-16 and authorize Board to fix its remuneration;
7. To grant approval for written off an amount of Rs.14,30,803.10 aggregate for 25 accounts towards bad debt (NPA) identified by the Management as irrecoverable approved by Board of Directors (BDDR 31.07.2015) & certified by Internal & Statutory Auditors to be adjusted against BDDR fully provided for in the earlier years.
8. Any other business that may be brought forward with the permission of the Chair.

**# Dividend will be payable only through standing instruction (account with our Bank) or ECS (account with other Bank).**
**# No physical dividend warrant will be issued.**
**# The members are requested to submit standing instruction or ECS mandate at the earliest.**

**BY ORDER OF THE BOARD OF DIRECTORS**
**Sd/-**
**S.V. BHUTA**
Date : 31st July 2015. **CHIEF EXECUTIVE OFFICER.**

### APPEAL TO MEMBERS :

1. Members desire to receive annual report copy are requested to contact any of branch or provide your email I.D. for receiving the annual report by e-mail.
2. This notice should be treated as notice to individual member.
3. Adjourned Annual General Meeting for want of quorum, if necessary , will be held on the same date and place after half an hour of the notified time of such meeting.
4. Members desiring to offer any suggestion at the Annual General Meeting or ask any question pertaining to the annual report and accounts are requested to write to the Bank atleast 7 days before meeting date i.e. on or before 16th September 2015.
5. Members are requested to intimate any change in name of nominee, office and residential address, status etc. so as to keep our records up to date.
6. Members are requested to collect their dividend for the previous three years, if not collected, to avoid its forfeiture.

## P for P — Patanis for Patanis


**Accounting Help - Have 5 yrs' Experience**
- Tally 7.2 & ERP 0.9
- TDS E Return, Balance Sheet & P & L

Rajshree Parekh - 9819308942

**ખાખરા અને સાલેવડાં**
સ્વાદિષ્ટ સાદાં, મસાલાં, સુકવેલી મેથી, ખીચડી, ટામેટાં, કારેલાં અને કોથમીરયુક્ત ખાખરાં
નીરૂ વિનોદ શાહ – 9029315772

**RAJESH PATWA - 9029452626**
- Physical Share - Demat - Sign Differ
- Share Transfer - Duplicate Shares
- Legal Heir - Transmission Cases

**ફોલબીડીંગ / ઓલ્ટ્રેશન**
નોટબુક / લેગીસ વેચાણથી લેવા
રીટા નિતિનભાઈ શાહ – 9819361305

**L.I.C.** પોલીસી કેશવટાવથી આપશું
સેવંતીભાઈ જે. શાહ – 9892825870, 28101421

**CATRERING SERVICE**
- 50 TO 100 PERSONS SERVICE AT Home
- Party & Marriage /Food Packet

Vinod Shah 9029310783

**ખાખરા – સ્વાદિષ્ટ નાસ્તા**
ઉચ્ચ ગુણવત્તાના સ્વાદિષ્ટ ખાખરા, ખીચિયાં, પાટણના પાપડ, વડી, ભાતવડી, વેફર વિગેરે
બિરેન સુરેશ શાહ – 9969559851

**LOSE / GAIN WEIGHT**
- Upto 4 kgs in a Month
- No Dieting / Medic / Side effects
- Free Consult & Fat Check-up

Sheetal Shah (Mira Rd) 9004905806

**STOCK MARKET SUB BROKER**
BSE - NSE - DERIVATIVES MARKET
@ BORIVALI
DEVANG SHAH - 9930966135

**Account Finalisation – part time**
- Expert in Tally Accounting
- Have Computer at Residence

Contact: Alpa Sanghavi 9920293829

# જ્યારે ઘડપણમાં માંદગી આવે ત્યારે...

**દુઃખથી પિડાતા દર્દથી રાહત મેળવી હોય કે બેભાન અવસ્થામાંથી કે મોતના મુખમાંથી પાછા આવવાનું થયું હોય ત્યારે જાણજો કે, હજી સત્કાર્યો કરવાના બાકી હશે...**

તમે જીવનમાં ઘણા સારા કાર્યો કરી રહ્યા છો,
જરૂરિયતાવાળાને યથાશક્તિ મદદ કરો છો,
પ્રભુભક્તિ પણ નિયમિત રીતે કરો છો,
સંઘની સેવા નિઃસ્વાર્થભાવે કરી હશે,
સાધુ ભગવંતોના આશિર્વાદ મેળવ્યા છે.
આવી રીતે સત્કાર્યો દ્વારા જીવનને ઉજ્જવળ બનાવ્યું છે.
અત્યાર સુધી સતત સક્રિય રહ્યા હોય ત્યારે
નિષ્ક્રિય દશા ડંખે, તેનું દુઃખ થાય તે સ્વાભાવિક છે.

એક બાજુ રોગની પીડા, બીજી બાજુ નિષ્ક્રિય રહેવાનું આકરું તો લાગે જ. પણ આ રીતે દુઃખી ન થતાં વિચારવાનું કે, જ્યારે હું શરીરથી હારી ગયો છું, બહારની પ્રવૃત્તિ કરવા હવે શરીર શક્તિમાન નથી ત્યારે હકિકતમાં તો આત્મભાવમાં વધુ સક્રિય બની શકીએ છીએ.

શરીર કામ નથી આપતું કાંઈ નહીં, મન પાસેથી કામ લઈએ.

શરીર જ્યારે સંસારિક કામમાં દોડતું ત્યારે મન પણ તેમાં જોડાતું. હવે શરીર સંસારિક પ્રવૃત્તિ કરતાં અટકયુ, તો મનને પણ સંસારિક પ્રવૃત્તિમાં પડતું અટકાવવું.

મનને નમસ્કાર મહામંત્રના જાપમાં જોડી દેવું નવકારના જાપમાં મન થાકે એટલે મનને ભાવયાત્રામાં જોડી દેવું.

**જે જે તીર્થોની યાત્રા કરી હોય તેને યાદ કરી, અત્યારે જ આપણે યાત્રા કરી રહ્યા છીએ એમ ચિંતવવું.**

**શંત્રુજયની યાત્રા કરી રહ્યા છીએ.**

તળેટી ચૈત્યવંદન કરી, ગિરિરાજને ભાવપૂર્વક વધાવી પગથિયા ચડી રહ્યા છીએ. પગથિયે પગથિયે દાદા નજીક આવી રહ્યા છે. હિંગળાજનો હોડો આવી ગયો. થોડા આગળ વધ્યા અને છાલા કુંડ પણ આવી ગયો. અને થોડા આગળ વધ્યા ત્યાં તો શ્રી પુંજની ટૂંક આવી ગઈ. હવે તો ચાલવાનો રસ્તો આવ્યો. રસ્તામાં આવતી નાની દેરીઓમાં રહેલા મહાત્માઓને વંદન કરી આગળ વધતા ગયા. પાછા પગથિયા આવ્યા, થોડા પગથિયા ચડ્યા ત્યાં તો દાદાની ટૂંકમાં જવાનો અને નવટૂંકમાં જવાના બે રસ્તા આવ્યા. પણ આપણને તો દાદાને ભેટવાની ઉતાવળ છે, ઉમંગ છે, આતુરતા છે, એટલે દાદાની ટૂંકના રસ્તે ચાલ્યા.

રામપોળ આવી, **મોતીશા શેઠની ટૂંકમાં દર્શન કર્યા.** શું મોતીશા શેઠની ઉદારતા, પૈસા પાણીની જેમ વાપરી અશક્ય એવા કામને શક્ય બનાવ્યું. ખીણને પૂરી સમથળ જમીન બનાવી તેના પર ભવ્ય મંદિરનું નિર્માણ કર્યું, ધન્ય છે મોતીશા શેઠની પ્રભુભક્તિ અને ઉદારતાને.

ત્યાંથી આગળ વધી વાઘણ પોળ આવ્યા. ત્યાં **શ્રી શાંતિનાથ દાદાના દર્શન કરી** - ચૈત્યવંદન કરી, સગાળપોળમાં આવી ગયા. ત્યાં સ્નાન કરી સાથે લાવેલ કેસર ઘસી, ફૂલવાળા પાસેથી સરસ મઝાનો હાર અને છૂટા પૂષ્પો લઈ દાદાના દરબારમાં પહોંચ્યા. દાદાના દર્શન કરી, પૂજાની લાઈનમાં ઉભા રહ્યા. લાઈનમાં ઉભા રહી મનમાં નવકારનું રટણ કરતા કે સ્તુતિ બોલતા ધીમે ધીમે લાઈનમાં આગળ વધતાં દાદાના ગભારામાં આવી ગયા અને ચઢતા પરિણામે દાદાની કેસરપૂજા અને ફૂલપૂજા કરી, ગભારાની બહાર આવી બાકીની અગ્રપૂજા કરી ચામર લઈ મન મુકીને નાચ્યા.

હવે ભાવપૂજામાં ચૈત્યવંદન કરતા એક-બે સ્તવન ગાતા સંતોષ ન થયો. પૂરા પાંચ સ્તવન લલકાર્યા. અને તેમાં પ્રભુએ તમને સરસ કંઠ આપ્યો છે, પછી ભાવપૂજામાં શું ખામી રહે ?

આ રીતે દાદાને ભેટ્યાનો - પૂજવાનો - સ્તવ્યાનો અનેરો આનંદ લૂટ્યો.

આવી જ રીતે હસ્તગિરિ - ગિરનાર - શંખેશ્વર - તારંગાજી નાગેશ્વર - ભોપાવર - નાકોડાજી - ચારૂપ - સમેત શિખર તેમજ પાટણમાં પંચાસર - જોગીવાડા - કોકાપાર્શ્વનાથ વગેરે જે જે તીર્થોની યાત્રા કરી હોય તેને યાદ કરી ત્યાં રહેલા ભગવાનને ભાવથી - ભક્તિથી - ઉમંગથી ભેટવું.

તે ઉપરાંત મહાવિદેહ ક્ષેત્રમાં સમવસરણમાં બિરાજમાન સીમંધરસ્વામીની દેશનામાં પહોંચી જવું.

કેવું ત્રણ ગઢનું ભવ્ય સમોવસરણ છે તેના ૨૦ હજાર પગથિયા દાદાની કૃપાથી થાક્યા વગર સડસડાટ ચઢી ગયા. ત્રીજા ગઢમાં પહોંચી ગયો. ત્યાં સામાન્ય માનવી - શેઠ - શાહુકાર - રાજા - મહારાજા - ચક્રવર્તી - દેવો - દેવેન્દ્ર - મુનિ - ભગવંતો ભક્તિભાવથી હાથ જોડી ભગવાનની દેશના સાંભળી રહ્યા છે.

હું પણ પ્રભુની દેશના સાંભળવા બેસી ગયો અને એકતાન થઈ પ્રભુની દેશના સાંભળી રહ્યો છું.

પ્રભુ આઠ પ્રતિહાર્યોથી શોભી રહ્યા છે. પ્રભુનું રૂપ જોતા મારી આંખો ધરાતી નથી. પચરંગી - સુગંધી પુષ્પોની વૃષ્ટિ થઈ રહી છે. દેવો સંગીત દ્વારા પ્રભુની દેશનામાં સૂર પૂરાવી રહ્યા છે.

આ રીતે વિચારતા જો એકાગ્રતા આવી ગઈ અને તન્મય થઈ ગયા તો પુષ્પોની સુગંધનો આપણને પણ અનુભવ થશે. જેમ જેમ એકાગ્રતા વધતી જશે તેમ તેમ એક દિવસ દિવ્ય સંગીત પણ સંભળાશે અને એક દિવસ એવો આવશે કે પ્રભુની દેશના સંભળાશે.

પણ આ બધું એક-બે દિવસ કે એક-બે અઠવાડિયામાં નહીં થાય. સમય પસાર થતો જશે. એકાગ્રતા - તન્મયતા વધતી જશે પછી આવી દિવ્ય વસ્તુઓનો અનુભવ થશે. જો એકાગ્રતા અને

તન્મયતા આવશે તો અનુભવ થશે તે વાત ચોક્કસ છે.

આવી ભાવયાત્રાઓ અને સમોવસરણમાં હાજરીની એકાગ્રતાથી આપણા આત્મા પર લાગેલા અશુભ કર્મોના બંધ તૂટતા જશે અને શુભ કર્મોનો બંધ નહીં પણ અનુબંધ પડશે, જે પછીના ભવમાં આરાધનાની વધુને વધુ અનુકૂળતા કરી આપશે.

દિવસના આવા શ્રદ્ધા અને ભાવભર્યા ચિંતનથી રાત્રે સ્વપ્નમાં પણ ભગવાન આવશે.

હવે વિચારો કે સારા હતા ત્યારે સંસારિક કામોમાં આત્મચિંતન કરવાનો સમય જ ક્યાં મળ્યો હતો ? તે વખતે તો મોટે ભાગે અશુભ કર્મો જ બંધાયા હશે ?

હવે જ્યારે શરીર કામ નથી કરતું, ત્યારે નિરાશ ન થતાં, ઉલ્ટું વિચારવું કે અત્યાર સુધી સંસારિક કાર્યોમાં રચ્યો-પચ્યો, હવે તક મળી છે તો આત્માનું કલ્યાણ થાય તેવી પ્રવૃત્તિ કરું. જેથી મારા મનની પ્રસન્નતા વધશે અને ધ્યાન શુભ પ્રવૃત્તિમાં જતાં રોગની પીડામાં પણ રાહત થશે તેથી પરલોક સુધારવાની દ્રષ્ટિ આવતા બીમારી શાપરૂપ બોજારૂપ ન લાગતા હળવાશ લાગશે - આશિર્વાદરૂપ લાગશે.

મળેલો અતિ દુર્લભ જિનશાસન સાથેનો માનવભવ સાધના-આરાધના વિના પુણ્યની કમાણી વિના, નમસ્કાર મહામંત્રના જાપ વિના, શુભ ભાવનાઓ ભાવ્યા વિના પૂરો થઈ જાય તે કેમ પાલવે ?

શરીરની બીમારી આવવાથી આપણા શ્વાસોશ્વાસ નકામા નથી થઈ જતા, ઉલ્ટા મનને આરાધનામાં લગાડી દેવાથી દરેકે દરેક શ્વાસોશ્વાસ અઢળક પૂણ્યની કમાણી કરાવવાવાળા બનવા જોઈએ.

અત્યાર સુધી ઘરમય-સ્વજનમય-સંસારમય બની રહ્યા હવે પ્રભુમય બની બાકી રહેલી જિંદગીમાં પૂણ્યની ભરપૂર કમાણી કરી લેવાની.

આ માટે સ્તુતિઓ, સ્તવનો, સજઝાયો જેટલી આવડતી હોય તેનું રટણ કરવું. આપણો ખજાનો ખૂટી જાય તો પરિવારના કોઈને સમય મળે તેમની પાસે સાંભળવું તેમને તો લાભ થશે જ, સાથે સાથે સંભળાવનારને પણ લાભ થશે.

પેથડશા-વસ્તુપાલ - કુમારપાળ મહારાજા - પુણિયો શ્રાવક - શાલિભદ્ર - સ્થુલિભદ્ર - ઈલાચીકુમાર - શ્રીપાળ મહારાજા - સુદર્શન શેઠ. ધન્ના અણગાર - મયણાસુંદરી - સુલસા - રેવતી - સીતાજી જેવા મહાપુરુષો અને મહાસતીઓના જીવનચરિત્રો વાંચી તેના પર ચિંતન કરવું.

માનવભવ અને અન્ય અનેક ભવોમાં જાતજાતના રોગ આવ્યા જ હશે. તે વખતે હાયવોય અને આર્તધ્યાન કરી ઘણા અશુભ કર્મો બાંધ્યા હશે, જ્યારે હવે માનવભવ અને જિનશાસન મળ્યું છે. તો રોગમાં હાયવોય કરી આર્તધ્યાન કરવાના બદલે ધર્મધ્યાનમાં મન પરોવું. જેથી પુણ્યની કમાણી કરી પરભવ સુધારી લઉં.

સનતકુમાર મુનિએ ૭૦૦વર્ષ સુધી ૧૬-૧૬ રોગોને સમતાપૂર્વક સહન કર્યા, બંધકમુનિની જીવતા ચામડી ઉતારી, ગજસુકુમારને માથે અંગારા મુકાયા - મેતારજ મુનિને માથે વાધર વીટી તડકે ઊભા રાખ્યા જેના કારણે તેમના મગજની નસો ફાટી ગઈ. આ બધાને કેવી પીડા થઈ હશે ? છતાં સમતાપૂર્વક પીડા સહન કરી તો સદ્ગતિ પામ્યા.

લાખ રૂપિયાનું દેવુ વર્ષો સુધી મંજુરી કરીને પણ ચુકવી શકાય તેમ નહોતું તે માત્ર થોડા દિવસની મજુરીથી ચુકતે થઈ જતું હોય તો કેટલો આનંદ થાય ?

ગુમડામાં પરુ થયું હોય, તે પરુને કાઢવા ડૉક્ટર જોરથી ગુમડું દબાવે ત્યારે થતી પીડા ઘણી જ હોય છતાં પરું નીકળવાથી પીડામાં રાહત થશે તેમ સમજી તે પીડાને સહન કરી લેવાય છે. તેમ આ અશાતાવેદનીય કર્મના ઉદયથી આવેલી બીમારી કર્મરૂપી પરૂને દૂર કરશે. તેમ વિચારવાથી પીડામાં પણ સમતા રહેશે.

આજના કાળનું આપણું શરીર છેલ્લી કોટીના સંસ્થાનનું છે. સાવ તકલાદી છે. અને ઘણું સાચવવા છતાં આગળ ઘણી વખત બગડેલું છે, માટે તેના પર શો મોહ - મમતા રાખવા.

તમામ આસક્તિઓ અને મમતાઓ આ શરીર પ્રત્યેની આસક્તિના કારણે છે. જો શરીરની આસક્તિ છોડી તો બીજી આસક્તિ છૂટતા વાર નહીં લાગે.

શરીર માંદગીના કારણે આરામમાં હોય ત્યારે વિચારવાનું કે, આત્મા માટે - પરલોક માટે શુભ કાર્યો માટે જીવનમાં કેટલી કમાણી કરી ? ન કરવા જેવું શું શું કર્યુ ? કરવા જેવું શું શું ન કર્યુ ? શું કરવા જેવું હું કરતો નથી ? શું શું ન કરવા જેવું હજી હું કરી રહ્યો છું ?

હવે તક મળી છે તો બીજી બધી જંજાળ છોડી આરાધનામાં મન પરોવી દઉં અને જીવન સુધારી લઉં.

આવા વિચારોથી પણ અશુભ કર્મોના બંધ અટકે છે.

જો નમસ્કાર મહામંત્રનો જાપ ચાલુ રાખીએ તો એક-બે લાખનો જાપ તો સહેજે ગણાઈ જાય.

એકાગ્રતા અને શ્રદ્ધાપૂર્વક ગણાતા દરેક નવકારે ૫૦૦ સાગરોપમના પાપ તૂટે છે. અને પરભવનું પુણ્યનું ભાથું બંધાય છે.

❑ **મુનિ શિવશર્મ વિજયના ધર્મલાભ**


।।શ્રી પાર્શ્વનાથાય નમઃ।।

SPECES N MORE

A Complete Optical Showroom

Up to 50% Off at

Time: 10 am to 8 pm

Navjivan Society Bldg. No. 1, Shop No. 7, Lamington Road, Mumbai Central (E), Mumbai - 400008. Mo. 7045413221

E-mail: specsnmore@hotmail.com

Nihar : 9820209931 / Payal : 9920999149 ADVT

## Economic & Social Upliftment Committee

To Boost the mission of the committee renowned Donor Family & Successful organisation has given Golden Opportunity for two candidates of Patan to be recruited in their High Technology Company. As per the requirement **Candidate should be Engineer or Diploma holder in Computer / Electronics / Electrical Engineering** or holding valid Electrical Licence. Promptly contact Patan Jain Mandal office with their BIODATA in writing.

## અભિનંદન

મે-૨૦૧૫માં **S.N.D.T. University** દ્વારા લેવાયેલ **M.A. (Gujarati)** પરીક્ષામાં ભાભાના પાડાના શ્રી ગુણવંતલાલ મણીલાલ શાહની સુપુત્રી **ચિ. સેજલ** ઉત્તીર્ણ થયેલ છે, તે બદલ હાર્દિક અભિનંદન.

**ચિ. સેજલ,** ગુજરાતીના વિષયમાં **73%** માર્ક સાથે **A+ ગ્રેડ પ્રાપ્ત કરી પ્રથમ ક્રમાંકે પાસ** થયેલ છે. આજે જ્યારે ગુજરાતી ભાષા ભૂલાઈ રહી છે ત્યારે માતૃભાષા પ્રત્યેનો આ પ્રેમ ખરેખર ગૌરવ લેવા જેવો છે, ગુજરાતી ભાષામાં તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી અભ્યર્થના. - શ્રી પાટણ જૈન મંડળ

## સંસ્થા સમાચાર

**ભગિની સમાજ પાટણ** દ્વારા ઉત્તર ગુજરાતમાં આવેલ તાજેતરની અતિવૃષ્ટિના સમયે ફંડ એકત્રીત કરીને ગાયો માટે ૨૫,૦૦૦ કિલો પ્રોટીન યુક્ત આહાર, ટીટોડા ગામે રામબાવાની ગૌશાળામાં આપ્યો. જેમાં ૮૦૦ થી વધુ ગાયો બીમાર હતી. તેઓ આ જ ખોરાક ખાઈ શકે તેમ હતી.

આ સિવાય અંદાજે ૨૫૦૦૦ ફુડ પેકેટનું પેકીંગ સંસ્થામાં બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ જે થરાદ, ધાનેરા, વાવ, ડીસા, રાધનપૂર અને પાટણની આજબાજુના નાના ગામોમાં સંસ્થાના કાર્યકરો દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સંસ્થા દ્વારા અંગ્રેજી સ્પીકીંગ ક્લાસ ફીમાં ચલાવવામાં આવે છે. સીવણ ક્લાસ ૬-૭ માસના કોર્ષના માત્ર રૂા. ૩૦૦/- તેમજ કોમ્પ્યુટર ક્લાસમાં બેઝીક, એડવાન્સ, ટેલીના છ માસનો કોર્ષ માત્ર રૂા. ૪૦૦/- લઈને શિખવાડવામાં આવે છે.

## શુભ વિવાહ

**સંવત ૨૦૭૧ દ્વિ અષાઢ સુદ ૭ ગુરુવાર તા. ૨૩-૭-૨૦૧૫**
શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહના સુપુત્ર **ચિ. હર્ષ** (મણીયાતી પાડો)
શ્રી યતીનભાઈ પ્રતાપચંદ શાહની સુપુત્રી **ચિ. અંકિતા** (ઢંઢેર વાડો)

# શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ

ઠે. શ્રી દિવાળીબાઈ ભવન, ગોળશેરી,
પાટણ-૩૮૪૨૬૫ - ઉ. ગુજરાત
મુંબઈ કાર્યાલયઃ
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ,
મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦

## વિજ્ઞપ્તિ

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત પાટણ ખાતે ચાલતી શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠમાં પ.પૂ. સાધુભગવંતો, પ.પૂ. સાધ્વીજી ભગવંતો તથા મુમુક્ષુ વિગેરેનો અભ્યાસ ખૂબજ સંતોષપૂર્વક ચાલી રહ્યો છે. **જેમાં પંડિત શ્રી ચંદ્રકાંતભાઈ સંઘવી તથા શ્રી હાર્દિકભાઈ મહેતા દ્વારા ધાર્મિક વિદ્યાભ્યાસ કરાવવામાં આવે છે.** ચાતુર્માસ દરમ્યાન નીચે દર્શાવેલા વિષયો અભ્યાસ માટે પસંદ કરવામાં આવેલ છે.

**પ્રથમા - મધ્યમાના સૂત્રો, સિદ્ધહેમ વ્યાકરણ, બે પ્રતિક્રમણના સૂત્રાર્થ જીવ વિચાર, લલિત વિસ્તક, ઉપદેશ માલા અને ત્રિષષ્ટી શલાકા પુરુષ ચરિત્ર વાંચન.**

મુમુક્ષુઓ માટેનો ત્રણ વર્ષનો અભ્યાસક્રમ શરૂ થઈ રહ્યો છે. ઉપરાંત કોઈ ખાસ વિષય પરત્વે અભ્યાસ કરવો હોય તો તેની પણ વ્યવસ્થા કરવાની ભાવના છે.

મુમુક્ષુના અભ્યાસ દરમ્યાન રહેવાની અને જમવાની વ્યવસ્થા પણ થઈ રહી છે. સર્વે અભ્યાત્સોસકોને આગ્રહભરી વિનંતી કરીએ છીએ કે, ચાતુર્માસ દરમ્યાન કે ત્યારબાદ કોઈપણ મુમુક્ષુને અભ્યાસ કરવા માટે પાટણ આવવું હોય તો સંસ્થામાં મોકલવા જરૂરથી પ્રેરણા કરશોજી. ચાતુર્માસ બાદ પ.પૂ. સાધુ - સાધ્વી ભગવંતોને પાટણ પધારવું હોય તો વિહારને માટે પણ જરૂરથી વિચારણા કરવા વિનંતી.

ધર્મનગરી પાટણની પવિત્ર ભૂમી પર છેલ્લા કેટલાક વર્ષોથી કાર્યરત આપણી જ્ઞાનપીઠમાં જ્ઞાનયજ્ઞના કાર્યો થઈ રહ્યા છે જેમાં સૂચન અને માર્ગદર્શન આવકાર્ય છે.

**સંપર્કઃ**

શ્રી ચંદ્રકાંતભાઈ સંઘવી - ૦૯૯૦૯૪૬૮૫૭૨
શ્રી મહાસુખભાઈ (બચુભાઈ) પોપટલાલ શાહ - ૦૯૩૨૨૨૨૮૦૪૬
શ્રી કમલેશભાઈ જીવણલાલ ઝવેરી - ૦૯૮૨૦૦૭૦૯૮૧
શ્રી યતિનભાઈ કાંતિલાલ ઝવેરી - ૦૯૨૨૩૨૩૧૪૭૦

# સાભાર સ્વીકાર

**એજ્યુકેશન ફંડ**

૧૦,૦૦,૦૦૦પનાલાલ પૂનમચંદ ચેરીટેબલ ફંડ (ખજૂરીનો પાડો)
૭ લાખ રીવોલ્વીંગ (શિક્ષણ) ફંડ
૩ લાખ શિક્ષણ સહાય ભેટ

**સમાજ ઉત્કર્ષ ભેટ**

૩,૦૦,૦૦૦ બાબુ સાહેબ નાનકચંદજી પૂરણચંદજી ટ્રસ્ટ (ખજૂરીનો પાડો)

**દવા સહાય ભેટ**

૨,૦૦,૦૦૦ બાબુ જીવણલાલ પનાલાલ ટ્રસ્ટ (ખજૂરીનો પાડો)

**વૃદ્ધજન સહાય ભેટ**

૩૦,૦૦૦ ભગવાનદાસ પનાલાલ ચેરીટીઝ (ખજૂરીનો પાડો)

**વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૧૦,૦૦,૦૦૦ બાબુ અમીચંદ પનાલાલ આદેશ્વરજી જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ (વાલકેશ્વર)
(વિકલાંગ ઉત્કર્ષ પ્રવૃત્તિના નિભાવ માટે)

**સમાજ ઉત્કર્ષ ભેટ**

૫,૦૦,૦૦૦ શ્રીમતી ઉષાબેન વરજીવનદાસ શાહ - ૭૫માં વર્ષમાં પદાર્પણની ખુશાલીમાં (વાસુપૂજ્યની શેરી)
૧,૨૫,૦૦૦ હ. શ્રી જયંતભાઈ વરજીવનદાસ શાહ (વાસુપૂજ્યની શેરી)
૧,૨૫,૦૦૦હ. શ્રી શૈલેષભાઈ વરજીવનદાસ શાહ (વાસુપૂજ્યની શેરી)
૧,૨૫,૦૦૦હ. શ્રી દિનેશભાઈ વરજીવનદાસ શાહ (વાસુપૂજ્યની શેરી)
૧,૨૫,૦૦૦હ. શ્રી જનકભાઈ દલપતભાઈ શાહ (કનાસાનો પાડો)

**દવા સહાય ભેટ**

૨૨,૦૦૦ શ્રી પુલીનભાઈ દલપતભાઈ શાહ (ભાભાનો પાડો)
૧૧,૦૦૦ સ્વ. શ્રી દલપતભાઈ મણીલાલ શાહના સ્મરણાર્થે
૧૧,૦૦૦ સ્વ. શ્રી ઈશાનભાઈ પુલીનભાઈ શાહના આત્મશ્રેયાર્થે

૫૦૦૦ શ્રી રાજેન્દ્રભાઈ ભગવાનદાસ શાહ (વખતજીની શેરી)
સ્વ. શ્રીમતી હીરાબેન પોપટલાલ શાહના સ્મરણાર્થે

**દવા /વૃદ્ધજન / શિક્ષણ સહાય તથા સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૧,૦૦,૦૦૦ શ્રી પ્રતૃકા ચેરીટેબલ ટ્રસ્ટ (ફોર્ટ)
સ્વ. શ્રી ડૉ. હસમુખભાઈ ચીમનલાલ શાહના સ્મરણાર્થે
હ. ડૉ. રાજીવભાઈ હસમુખભાઈ શાહ (લખીયાર વાડો)

**શિક્ષણ સહાય / દવા સહાય ભેટ**

૫,૦૦૦ શ્રીમતી નલીનીબેન પ્રવિણભાઈ શાહ (અજીતનાથની પોળ)

**વૃદ્ધજન સહાય ભેટ**

૯,૦૦૦ શ્રીમતી શારદાબેન રસિકલાલ શાહ (મણીયાતી પાડો)

# પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યએશનનો અભ્યાસ કરનાર પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેમની **શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/-** (અંકે રૂપિયા દસ હજાર)ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે.

તદ્અનુસાર બિઝનેશ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈએએસ અથવા ડૉક્ટરેટ પી.એચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્ષમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગેના અરજી પત્રકો મંગાવવામાં આવે છે.

આ અંગેનું ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગતો સહ ભરીને **તા. ૧૦-૯-૨૦૧૫ સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.**

**પ્રસ્તુત સ્કોલરશીપ માટે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે, જેની ખાસ નોંધ લેવી.**

❑ **શિક્ષણ સમિતિ**

# શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | અશોકભાઈ ચીમનલાલ પટણી | ૭૪ | રાજકોટ | ૧૩-૭-૨૦૧૫ | અધિક અષાઢ વદ-૧૨ |
| વિશા પોરવાળ | સોનીવાડો | હર્ષદભાઈ બાપુલાલ શાહ (ગાંધી) | ૭૨ | અમદાવાદ | ૧૪-૭-૨૦૧૫ | અધીક અષાઢ વદ-૧૩ |
| વિશા પોરવાળ | લખીયાર વાડો | ડૉ. હસમુખભાઈ ચીમનલાલ શાહ | ૭૯ | મરીન ડ્રાઈવ | ૧૯-૭-૨૦૧૫ | નિજ અષાઢ સુદ-૩* |
| વિશા શ્રીમાળી | અજીતનાથની પોળ | નલીનીબેન પ્રવિણભાઈ શાહ | ૭૦ | અંધેરી | ૨૪-૭-૨૦૧૫ | નિજ અષાઢ સુદ-૮ |
| દશા ઓશવાળ | ખેતરપાળનો પાડો | સુમનબેન વસંતલાલ શાહ | ૮૦ | વિલેપાર્લા | ૨૫-૭-૨૦૧૫ | નિજ અષાઢ સુદ-૯ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | લીલાવતીબેન જયંતિલાલ શાહ | ૯૧ | મુંબઈ | ૨૫-૭-૨૦૧૫ | નિજ અષાઢ સુદ-૯ |
| વિશા શ્રીમાળી | તંબોલી વાડો | ભરતભાઈ ફતેહચંદ શાહ | ૫૮ | ગોરેગામ | ૦૭-૮-૨૦૧૫ | નિજ અષાઢ વદ-૯ |
| વિશા શ્રીમાળી | મણીયાતી પાડો | બ્રિજેશ ચંદ્રકાંતભાઈ શાહ | ૨૮ | શીરપુર | ૧૩-૮-૨૦૧૫ | નિજ અષાઢ વદ-૧૪ |
| વિશા પોરવાળ | ખેતરપાળનો પાડો | ગીતાબેન બચુભાઈ શાહ | ૫૫ | ભાયંદર | ૧૪-૮-૨૦૧૫ | નિજ અષાઢ વદ -૩૦ |

*ચક્ષુદાન કરેલ છે ✸ દેહદાન કરેલ છે ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુબાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન * * દેહદાન કરો અને કરાવો

# JAINA Ratna Award 2015

**શ્રી દિલીપભાઈ વરજીવનદાસ શાહ** (મલ્લાતનો પાડો) હાલ અમેરિકા. એક દિર્ઘ દ્રષ્ટા છે જેમણે પોતાની પુરી જિદંગી માનવ જાતીના કલ્યાણ માટે ખર્ચી, તેઓ ૪૦ વર્ષથી વધારે અનુકમ્પા... ના નામે અગ્રેસર છે.

અવિરત અને નિરંતર માનવ જાતીના કલ્યાણ માટે વિશ્રામ લીધા વગર કાર્ય કરી રહ્યા છે. અને હા... જૈન ધર્મના આચરણ અને સિદ્ધાંતને સુવાસીત કરી રહ્યા છે. તેમણે જીવનમાં ઘણા સોપાનો સર કર્યા છે. તેમને એટલાંટા ખાતે યોજાયેલ ૧૮મા જૈના સંમેલનમાં કન્વીનર અશોક દોમડીયા અને ભુતપુર્વ પ્રમુખ ડૉ. ધીરજ શાહના વરદ હસ્તે **જૈના રત્ન ઍવોર્ડ ૨૦૧૫**થી એનાયત કરી બિરદાવવામાં આવ્યા છે. તે પાટણ જૈન સમાજનું ગૌરવ છે, જૈના રત્ન ઍવોર્ડ વિજેતાને સંસ્થા તરફથી હાર્દિક અભિનંદન તેઓ જીવનમાં હજુ સામાજિક ક્ષેત્રે આવા જ સુંદર કાર્યો કરતા રહે તેવી શુભેચ્છા.

A visionary and a Leader **Mr. Dilipbhai Varjivandas Shah** has devoted his Life for the betterment of Mankind! He has been in the forefront of helping Human Beings – Anukampa – for over forty years. It all started when he was appointed director of Nationalist Services of Philadelphia in 1975. He single handedly assisted several refugee families from Uganda to settle down in USA! Since this beginning nothing has stopped him, not even a heart attack two weeks before 2007 JAINA Convention deterred him from his commitment to Humanity! He came out of it in time to lead the Convention as a Convener and still has not rested….he keeps moving on…. To further Jain Principles!

Dilipbhai was born on 17th June 1944 in Mumbai and had a very humble beginning. He came to USA at the age of 21 after being a Civil Engineer from India to do Masters and never left! Highlights of his accomplishments are numerous and will list a few below:

* **Initiated and motivated many Jain Centers in North America.** He was pioneered in starting three Jain Sanghs (Atlantic, Delaware & Binghamiton)
* **Was JAINA Secretary, First VP, President, Convener of 2007 JAINA Convention**
* Has written multiple articles, JAINA Convention reports, Yatra reports, Yatra reports, Book reviews and has also donated a library of more than 2000 books to Cherry Hill Sangh of NJ.
* Ammendments of JAINA Constitution, start of Patron program.
* Got JAINA NGO status in United Nations.

Dilipbhai is a perfect example of a Leader Building the team so well that leader is dispensable! He is a savior for many people and also organizations as he has frequently called upon to deal with crises owing to his depth of character & level-headedness, his willingness to work towards the greater good and his ability to weave through complex interpersonal situations. We wish him all the Best to continue his missionary work for the Mankind!

**Courtesy: Jainism, World of Non Violence**

## જૈન સિદ્ધાંત અપરિગ્રહને અપનાવનાર ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતી સ્વ. ડૉ. અબ્દુલ કલામને આપણા સલામ !



The property left behind by **Dr. A. P. J. Abdul Kalam** was estimated. He owned 6 pants (2 DRDO uniforms), 4 shirts (2 DRDO uniforms), 3 suits (1 western, 2 Indian) 2500 books, 1 flat (which he has donated), 1 Padmashri, 1 Padmabhushan, 1 Bharat Ratna, 16 doctorates, 1 website, 1 twitter accounts, 1 email id. He didn't have any TV, AC, car, jewellery, shares, land or bank balance. He had even donated that last 8 years' pension towards the development of his village. He was a real patriot and true Indian.. India will forever be grateful to you, Sir.

❑ **Shree Patan Jain Mandal**

## ડૉ. અબ્દુલ કલામને સલામ...!!

જગવિખ્યાત અને એક વૈજ્ઞાનિક મહાન,  
રાષ્ટ્રપ્રેમી અને સ્વપ્નદ્રષ્ટા બન્યા કમાલ.

કવિ હૃદય અને શિક્ષણના પ્રચારક વિદ્વાન,  
વિદ્યાર્થીઓના માર્ગદર્શક અને પ્રેરણા સમાન.

નમ્રતા અને નિખાલસતા ભર્યા ધૈર્યવાન,  
સાદગી અને સંસ્કારિતાની મુડીએ ધનવાન.

સંભાળી દેશના રાષ્ટ્રપતિનું સર્વોત્તમ સુકાન,  
વિશ્વભરમા ઉજાળ્યું ભારત દેશનું નામ.

'અગ્નિ' 'પૃથ્વી' નિર્માણમાં રહ્યુ મોટુ યોગદાન,  
માટે જ રાષ્ટ્રએ આપ્યું 'મિસાઈલમેન' ઉપનામ.

દેશ-વિદેશે પામ્યા કીર્તિ - યશ - ગુણગાન,  
સ્વદેશને અણુરાષ્ટ્ર બનાવવા કર્યા શ્રેષ્ઠત્તમ કામ.

યથાર્થ રહ્યુ જેનું 'ભારત રત્ન'થી મહાસન્માન,  
મૃત્યુને વરીને પણ છો સૌના હૈયે જીવંત સમાન.

પડે છે વામણી કલમ લખતા શ્રદ્ધાંજલિ,  
આ તો જુજ શબ્દો દ્વારા આપુ આદરાંજલિ.

૮૩ વર્ષની વય છતાં પણ જાણે નવયુવાન,  
એ તો આપણા સૌના લાડીલા ડૉ. અબ્દુલ કલામ.

ડૉ. કલામ આપને પ્રણામ...  
ડૉ. કલામ આપને સલામ...!!!

❑ **જ્ઞાનેશ જયચંદ લાપસીયા**

# શ્રી પાટણ જૈન મંડળમાં પ્રાપ્ત થયેલ ભેટના દાતાશ્રી (તા. ૧-૪-૨૦૧૫ થી તા ૧૫-૮-૨૦૧૫)



શ્રી તુષારભાઈ પ્રવીણચંદ્ર શાહ
(રૂા. ૬ લાખ)



શ્રીમતી ચારૂબેન તુષારભાઈ શાહ



શ્રી વરજીવનદાસ ચીમનલાલ શાહ
(રૂા. ૫ લાખ)



શ્રીમતી ઉષાબેન વરજીવનદાસ શાહ



શ્રી મહાસુખલાલ રીખવચંદ શાહ
(રૂા. ૩ લાખ)



શ્રીમતી નિર્મળાબેન મહાસુખલાલ શાહ



શ્રી કંચનલાલ વાડીલાલ શાહ
(રૂા. ૨ લાખ)



શ્રીમતી નિરૂબેન સેવંતીલાલ શાહ
(રૂા. ૨ લાખ)



શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળા
(રૂા. ૨ લાખ)



શ્રી રવિન્દ્રભાઈ મોહનલાલ શાહ
(રૂા. ૨ લાખ)



શ્રી જયંતિલાલ મણીલાલ દેવડાવાળા
(રૂા. ૨ લાખ)



શ્રી જીતેન્દ્રભાઈ મણીલાલ શાહ
(રૂા. ૧.૫૦ લાખ)



શ્રી જયરાજ કાંતિલાલ સોનાવાલા
(રૂા. ૧.૨૫ લાખ)



શ્રી અશોકભાઈ કીર્તિલાલ ઝવેરી
(રૂા. ૧.૨૫ લાખ)

## Jain Minority Cell

To promote the rights & advantages under minority status we invite 15 representatives who have the knowledge about the Minority Status. From Various centres to make the strong 'Cell'.

## જૈન માયનોરીટી સેલ

માયનોરીટી સ્ટેટસથી થતાં લાભ અને હક્ક બાબતની જાણ હોય તેવા ૧૫ પ્રતિનિધિઓને અલગ અલગ સેન્ટર પરથી આમંત્રવામાં આવે છે. જેથી એક મજબુત 'સેલ' ઉભું કરી શકાય. શ્રી પાટણ જૈન મંડળનો તુરંત જ સંપર્ક કરવા નિમંત્રણ છે.

# શ્રી પાટણ જૈન મંડળમાં પ્રાપ્ત થયેલ ભેટના દાતાશ્રી (તા. ૧-૪-૨૦૧૫ થી તા ૧૫-૮-૨૦૧૫)

## (બાબુ અમીચંદ પનાલાલ આદેશ્વરજી જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર) (રૂા. ૨૫.૫૫ લાખ )



બાબુ અમીચંદ પનાલાલ



શેઠાણી કુવરબાઈ અમીચંદ પનાલાલ



બાબુ ભરતકુમાર રાજેન્દ્રકુમાર ઝવેરી

## શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહ પરિવાર (રૂા. ૨૧ લાખ)



શ્રી મણીલાલ લલ્લુચંદ શાહ



શ્રી નવનીતલાલ મણીલાલ શાહ



શ્રીમતી જાશુદબેન મણીલાલ શાહ

## બાબુ નરેન્દ્રભાઇ વિજયકુમાર પનાલાલ પરિવાર (રૂા. ૧૫.૩૦ લાખ)



બાબુસાહેબ પનાલાલ પુનમચંદ



બાબુસાહેબ નાનકચંદજી પુરણચંદજી



બાબુસાહેબ જીવણલાલ પનાલાલ

W.P.P. License No. MR/TECH/WPP-120/South /2015. License to post without prepayment.
PATAN PRATIBIMB ● August 2015 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001
Published on 15th of every month on 25th and 26th of everymonth. Postal Regd. No. MCS / O84 / 2015-17

# દાનનો વહેતો નિરંતર પ્રવાહ

વિકલાંગ ઉત્કર્ષ પ્રવૃતિના નીભાવ માટે રૂા. ૧૦ લાખ તથા આર્થિક સહાય ભેટ ખાતે રૂા. ૧૦ લાખ મળી **કુલ રૂા. ૨૦ લાખ બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વરજી જૈન ટેમ્પલ ચેરિટેબલ ટ્રસ્ટ** (વાલકેશ્વર) તરફથી તથા **રૂા. ૧૫ લાખ ૩૦ હજાર પનાલાલ પૂનમચંદ ચેરીટેબલ ફંડ, બાબુ સાહેબ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ, બાબુ જીવણલાલ પનાલાલ ટ્રસ્ટ, ભગવાનદાસ પનાલાલ ચેરીટીઝ** (ખજૂરીનો પાડો) તરફથી સખાવત પ્રાપ્ત થવા પામેલ છે. અમો સૌ ટ્રસ્ટીશ્રીઓ પ્રતી આદર સાથે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

પાટણ સમાજના પરિવારજનોને હાલમાં મળતી સહાયની રકમમાં ચાલુ વર્ષે ૨૫ ટકા સુધીનો વધારો કરવાનું લક્ષ્યાંક રાખેલ છે માટે વધતી જતી પરિવારજનોની માંગણીને પહોંચી વળવા મંડળ દ્વારા વાર્ષિક ૧.૫ (દોઢ) કરોડનું ફંડ એકત્રિત કરવાનું નિર્ધારેલ છે. જેમાં દરેક પરિવાર સહભાગી થઈ શકે તેવા શુભ આશયથી રૂા. એક લાખ, બે લાખ કે ત્રણ લાખની વાર્ષિક દાન યોજના રાખેલ છે. તો અવશ્ય સહભાગી થઈ સમાજ ઉત્કર્ષ સાધનાનો લાભ લેશો.

## Program for September 2015

# પર્યુષણ મહાપર્વની ધર્મમય આરાધના અને મિચ્છામી દુક્કડ્મ

## Tentative Programs for Forthcoming Months

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | J, Mahek Program | Sat | 10-Oct | Bhad V 13 | 6 pm | Yashoda Rang Mandir, Vile Parle | Dandiya Ras |
| 2 | Medical | Sun | 01-Nov | Asho V 6 | 10.00 am | Bombay Hospital | Dr. Get - together |
| 3 | Program | Sun | 22-Nov | Kar S 11 | | Marine Drive | New Year Sneh Sammelan |
| 4 | Program | Sat | 28-Nov | Kar V 3 | 3 to 11 pm | Birla Matushree | Talent Parade |
| 5 | Program | Sun | 10-Jan | Posh S 1 | 9 to 1 pm | Yogi Sabhagruh | Navkar Mantra Jaap |

## Dandiya Raas

**Jeevan Mahek & Program Committee is pleased to organise Dandiya Raas on Saturday evening, 10th October at Yashoda Rang Mandir at Vile Parle** with popular music band, just 3 days prior to the start of Navratri. All youngsters are invited to participate fully and enjoy the evening.

## Talent Parade

It is important that Patanis come forward in large numbers to present their artistic talent in front of Patan Samaj on **Saturday afternoon, 28th November. Please fill up the Form immediately and also send your item on Whats App ( Cell No. 9167902267) or send your item on Pen drive** to Shree Patan Jain Mandal at Marine Drive. **Last date of submission entry 30 Sept. 2015**

TO,

Edited, Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service industries, Dadaji Knoddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.